હિન્દના દેશજનની નોટ્સ

(પાંચમા અને છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીઓ માટે ખાસ)

પ્રસિદ્ધ કર્તા.

તલાટી. છોટાલાલ મૂળજીભાઈ

આવૃત્તિ. ૧ લી.

૧૯૦૧] માહે જુન [સંવત. ૧૯૫૭

નડીઆદ "ન્યુ" ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ.

મૂલ્ય સાડાચાર આના

ખબર.

નિબંધ માર્ગ દર્શક ભાગ ૨ જો તૈયાર છે. જેમાં બાળકોને નિબંધ લખતાં શીખવાને સારો અને સરળ રસ્તો બતાવવામાં આવ્યો છે, અને વિદ્યાર્થીઓ-સહેલું પુસ્તકની મદદથી સારા નિબંધ લખી શકે એવી સંકલના કરવામાં આવી છે છતાં કીમત માત્ર જુજ છે. કિમ્મત રૂ. ૦-૨-૦ પોષ્ટેજ ૦-૦-૬.

આ સિવાય આ કંપની મુંબઈમાં મળતો કોઈ પણ પ્રકારનો માલ--જેવા કે પુસ્તકો, સ્ટેશનરી, રબર સ્ટેમ્પને લગતો સામાન, ફોટોગ્રાફીનો ને ડ્રોઈંગનો સામાન, રંગ, તેલ, વારનીશ, ચશ્મા, છત્રી, લેંગો, ઘડીઆળ, ટ્રંક, વાજીંત્ર, મીઠાઈ, ડરેસ, કાપડ તમામ જાતનું, ટોપી, દાગીના, વસાણા, અનાજ વિગેરે પ્રકારનો માલ અગાઉથી પૈસા મોકલનારને સેકડે એક ટકા કમીશનથી મોકલી આપીએ છે. રેલવે પોષ્ટેજ અને પેકીંગ ખર્ચ માલ મગાવનારને શીરે. નોટપેડ પત્ર લેવામાં આવશે નહિ. જવાબ માટે ટીકીટ મોકલવી.

એમ. સી. પંડ્યાની કંપની.

નં. ૧૫ અનંતવાડી ભૂલેશ્વર

મુંબાઈ.

પ્રસ્તાવના.

નામદાર સરકારે "હિંદનો દેશાજન" નામનું પુસ્તક પાંચમા અને છઠ્ઠા ધોરણના વિદ્યાર્થી માટે ફરજીઆત તરીકે દાખલ કરેલું છે. તે પુસ્તકના પ્રકરણોમાં ઘણાજ પરભાષાના શબ્દો, જેવાકે, ઇંગ્રેજી, સંસ્કૃત, ફારસી, આરબ્બી, પોર્તુગીઝ, અને હિંદી વગેરે આવ્યા છે. સદરહુ શબ્દોના અર્થ વિદ્યાર્થીઓને સરલ પડે, અને વખતનો બચાવ થાય અને મહેનત ઉગરે એવા હેતુથી દરેક પ્રકરણમાંથી કઠણ શબ્દો ચૂંટી કાઢી તેના અર્થ તથા તે કઇ ભાષાનો શબ્દ છે; તે સમજાવ્યું છે. તે સમજવાની સંજ્ઞા નીચે પ્રમાણે છે:—

(સં) સંસ્કૃત. (ઇં) ઇંગ્રેજી. (ફા.) ફારસી. (આ.) આરબ્બી. (હિં) હિંદી (પો.) પોર્તુગીઝ.

ઉદાહરણ.

ઐક્ય (સં) સંપ, એકમત થવું.

માજીસ્ટ્રેટ (ઇં.) મામલતદાર.

ઇન્સાફ (ફા.) ન્યાય.

અમલ (આ.) અખત્યાર.

કૂચ (હિં) તૈયારી.

પગાર (પો.) મુસારો.

हिन्दना देशजननी नोट्स.

પ્રકરણ ૧.

પ્રકરણ (સં.) ગ્રંથનો ભાગ, બાબ, સર્ગ.
હિન્દનો દેશજન=હિન્દનો વતની કે રહીશ.
સામાન્યહિત (સં) ઘણાને લાગુ પડતો ફાયદો.
હિત (સં.) લાભ, ફાયદો, કલ્યાણ.
આચાર વિચાર (સં) રીવાજ, વર્તણુંક.
ધર્મમત=ધર્મ સંબંધી વિચાર.
ગાંઠ (સં.) એકકો, સંપ.
ઢીલી=નરમ, પોચી.
મંડળ=મંડળી, જથો, મહાજન.
ઐક્ય (સં.) સંપ, એક વિચારના થવું તે.
વતની (આ.) રહીસ.
વર્ગ (સ) નાત, ટૂકડી, મંડળી, જથો.
ભાવ=પ્રીતિ, હેત, વહાલ.
તરીકે=બદલે, ઠામે.
હક્ક (આ.) વ્યાજબીપણું; દાવો.
ફરજ=ધર્મ.
ઈ૦ સ૦ પૂર્વે=ઇસ્વીસન શરૂ થતા પહેલાંનો કાળ.
લગભગ=હદની જરાક આણીગમ, નજીક.
ખુલાસો=નિકાલ, સમજણ.
વ્યવસ્થાવાળુ=ગોઠવણ વાળું; બંદોબસ્તવાળું.
સ્પષ્ટ=ખુલ્લું ઉઘાડું.

ઉદાહરણ (સં) દાખલો, સાબીતિ.
મધ્યસ્થ (સં) વચમાં રહેનાર.
આત્મા=શરીરમાં સમજતું ચૈતન્ય; જીવ, અમર એવો પદાર્થ.
અમલ (આ.) અખત્યાર.
ઇજા (આ૦) દુ:ખ, તસ્દી.
અસર (આ.) લાગણી, મનમાં ઉતરવું તે.
અવયવ (સં.) ભાગ.
સમસ્ત (સં.) સઘળું, બધું.
રાજ્યમંડળી=રાજા અને તેના હાથ નીચેની પ્રજા.
લાગુ=વળગે, અસર કરે, સંબંધમાં આવે.
દાઝ=દયા, કોઈનું દુ:ખ જોઈ મનમાં બળવું તે.
વ્યવસ્થા=ગોઠવણ (વિ+અવસ્થા,)
રૂપ=ચહેરો, ઘાટ, આકાર.
રંગ=દેખાવ, પ્રકાશ, પ્રકાશનો ધર્મ.
આરોગ્ય (સં) રોગથી દૂર.
ધર્મ=પંથ, ધ્યાન.
ખવાસ (આ.) સ્વભાવ, મિજાજ, પ્રકૃતિ.
અંત:કરણ (સં) મન, વિચાર.
પંડ (સં) જાત, વિચાર.
સ્વતંત્રતા (સ) છૂટ, બીજાને દુ:ખ ન થાય ને પોતાની ઇ-
  ચ્છા પ્રમાણે વર્તાય એવી રીતિનો જે ભાવ કે જોસો.
છુટાપણું=સ્વતંત્રતા.
તીવ્ર (સં) ગરમ, આકરી.
લાગણી (સં) અસર.
બલ્કે (આ.) એટલુંજ નહિ પણ વધારે, વિશેષ.
પ્રત્યેક (સં) દરેક (પ્રતિ+એક.)
સંબંધીઓ=લાગતા વળગતા.

અતડાં=કોઇ સાથે હળે મળે નહિ પણ જુદા રહેવું તે.
વૃત્તિ (સં) મનનું વલણ.
તથાપિ (સં) તોપણ.
સ્વદેશ પ્રીતિ (સં) પોતાના દેશપર ભાવ.
દરજ્જો (આ.) અધિકાર, પદ્વિ.
માન (સં આમન્યામાં રહેવું તે, અમલ થવો તે.
વાનાં=વસ્તુ, ચીજ, એકેકું સાહિત્ય તે.
જમાનો (ફા.) વખત, કાળ, જુગ.
પશ્ચિમના દેશો=યુરોપખંડના દેશો.
કેળવવું=કસવું; જ્ઞાનશક્તિ વધારવી.
પરાપૂર્વ (સં) મંડાણ, મૂળ, ઘણો જુગ.
લક્ષણ (સં) ચાલચલણ.
રિવાજ (આ.) ચાલ, શિરસ્તો.
એકત્ર (સં) એકઠું.
જાત પ્રત્યે=જાત તરફ.
દેશજન=દેશનોવતની.
ભક્તિ (સં) પ્રીતિ; આસ્થા.
વડીલ=મોટું, અધ્યક્ષ.
મજબૂત (આ.) દૃઢ, સંગીન, ઉંડું.
પંચ (સં) મહાજન, કજીયાનો નિવેડો કરનાર પાંચ કે વધારે માણસની કમીટિ.
પાયો=મૂળ.
વ્યવહાર (સં) વેપાર; સંબંધ.
અનુભવવું=જાણવું; અનુભવ કરવો.
ભાગ=અંગ.
પદ્ધતિ (સં) રીત, છટા.
ન્યાતબંધારણ=ન્યાતનું ગુંથણ.

દાખલ (આ.) હાજર.
કારીગર (ફા.) કસબી.
સરકાર (ફા.) રાજ્યસત્તા ધરાવનાર મુખ્ય અધિકારી.
સત્તાવાન (સં) અધિકારવાળો.
જગત્કર્ત્તા (સં) જગતનો બનાવનાર.
પરસ્પર (સં) અન્યોન્ય, એકબીજામાં.
મદદ=સહાય, ટેકો, પુષ્ટી.
તરફ=પક્ષ.
સ્વભાવ (સં) ટેવ, લક્ષણ, પ્રકૃતિ.
હિંદવાસી=હિંદમાં વસનારા.
દેશજન=સ્વદેશાભિમાની માણસ.
પંકાયલા=વખણાયલા.
મહારાજ્ય=મોટું રાજ્ય.
અંગ=ભાગ.
સમાતા=ભળી જતા.
દેશબંધુ (સં) પોતાના દેશના માણસમાંનો એકેક તે.
પ્રત્યે=વિષે.
સાંકડા=નજીવા, દમ વગરના.
ઉપરાંત=વળી, બીજું, આટલું છતાં વધારે.
નિવાસી (સં) રહેનાર, વસનાર.
ગામ મંડળ=ગામનું મહાજન.
પંથ=ધર્મ.
સ્થીતિ=હાલત.
આબાદ=સુખી.
અંશ (સં) ભાગ.
મંદ=ધીમો.
ગતિ (સં) ચાલવું તે.

સ્વરૂપ (સં) પોતાનું રૂપ.
સામગ્રી (સ) સાધન, સાહિત્ય.
કોટ (સં) શહેરની ચોતરફ ફરતી દિવાલ.
ચડાઇ=હલ્લો.
રક્ષણ (સં) બચાવ.
અધિકાર (સં) સત્તા.
મુખી=ગામનો મુખ્ય માણસ.
સમાવવું=એકઠું થવું.
ઉઘરાતદાર=તહેસીલદાર, મુખી તલાટી.
માજીસ્ટ્રેટ (ઈં) ફોજદારી ઇન્સાફના મુખ્ય ન્યાયાધીશ.
(ન્યાય+અધિશ.) મામલતદાર.
મુલ્કી=મુલક સંબંધી.
તલાટી=મહેસુલ સંબંધી હિસાબ રાખનાર.
મદદગાર=મદદ આપનાર.
મદદ=સહાય.
ચોકીઆત=ચોકી ઉપર રહી જાનમાલની રખવાળી કરનાર.
સિક્કો (આ) છાપવાળું નાણું, મહોર.
પોલીસ (ઈં) લોકમાં થતા ગુન્હા પકડવા. જાનમાલનું રક્ષણ
કરવા અને સમાધાની રાખવાને સરકારે રાખેલા નોકર.
સીમ=ખેતર, ખેતરની હદ.
પરખવું=પરીક્ષા કરવી.
બંધન=(સં) જાળ, બાંધવું તે.
જોડાયાં=સંકળાયાં. એકઠાં થયાં.
નીપજ=ઉપજ.
ગુન્હેગાર=અપરાધી.
રખવાળી=ચોકી.
પાડોશી=પાસે રહેનાર.

વસવાયા=ગામની વસ્તીનું કામ કરનાર પ્રથમ વસેલા જેવા કે કુંભાર, મોચી, સઇ, લુહાર, ઢેડ, ચામડીયા, વગેરે.

કુંભાર=ઘડા કરનાર, માટીનાં વાસણ ઘડનાર, (કુંભ+કાર).

લુહાર=લોઢું ઘડનાર (લોહકાર ઉપરથી)

સુતાર=લાકડાંના ઘાટ કરનાર (સૂત્રધાર ઉપરથી).

ભીસ્તિ=(ફા) પાણી ભરવા છાંટવાનો ધંધો કરનાર પખાલી.

સમાસ=(સં) ગોઠવણ, સમાવેશ.

કર=(સં) જકાત, ટેક્સ.

કારભાર=(ફા) ગોઠવણ (કારોબાર ઉપરથી)

દેવળ=દહેરૂં, મંદિર. (દેવળ એ શબ્દ ખ્રીસ્તિ ધર્મના, અને દહેરૂં હિંદુ ધર્મના લોક વાપરે છે).

અમલ=(આ) હુકમ.

હજામ=(આ) વાળંદ, બારબર.

વાકેફ (આ) માહીતગાર, જાણીતા.

ઝાડુ-ધુળ, કચરો વગેરે.

ગ્રંથકાર=(સં) ગ્રંથ કરનાર.

ચિતાર=ચિત્રામણ, છબી, પોટોગ્રાફ.

રાજ્યવહીવટ-રાજ કારભાર.

મુજબ (આ) પ્રમાણે, પેઠે.

ભૂત (સં) ગુજરેલો, ગયેલો.

વર્તમાન (સં) હાલનો, ચાલતો.

સૈકું=સો વર્ષનો જે કાળ તે, સેંકડો, સદી.

અજાયબ (ફા) અચરતી ભરેલું.

ફેરફાર=તફાવત.

જોગવવું=ચલાવવું.

બદલાઇ=પલટાઇ, ફરી ગઇ, ફેરફાર થઈ.

રદ (આ) બાતલ.

અમલદાર (આ) હોદ્દેદાર, અધિકારી, સત્તાવાન.
મધ્યમ કદ—વચલા વાંધાનો ધાટ. સાધારણ આકાર.
વળગી=ચોંટી.
જોડદી=ભેગી, સંયુક્ત.
વહેંચાવવું-વિભાગ પડવા.
સરહદ (ફા) સીમા, મર્યાદા.
હરકત=ઇજા.
ખુલ્લી=ઉઘાડી, ચોખ્ખી.
આરોગ્યતા (સં) તનદુરસ્તી.
હજી=હાલ.
કાયમ=હયાત, હાજર.
ખરી=સાચી.
દેશી સંસ્થાન—એક મોટા દેશમાં જૂદા જૂદા સત્તાવાળા તરીકે જે જૂદો જૂદો મુલક તે પાસેનો પ્રદેશ.
વેઠ—મફત કામ કરાવવું તે, જે કામથી બદલો ન મળે તેવું કામ કરાવવું તે.
દુકાળ=વર્ષાદની તાણને લીધે અનાજ ન પાકવાથી લોકો દુઃખી થાય તે વખત (મૂળ શબ્દ દુષ્કાલ)
કરકસર=સંભાળીને જરૂર જેટલું ખર્ચ કરવું તે.
ચાકરી=સેવા, અરદાસ, ખીજમતદારી.
હિસ્સો=ભાગ.
કારણ=સબબ.
અનુકુળ (સં) માફક, ગમતું, ફાવતું. બેસતું આવે તેવું. (અનુ+કુળ. કુલ—કિનારો)
ભોગવવું=માણવું—ઉપયોગ કરવો.
દિવાલ=ભીંત.
આડ=હદ, વસ્તુને જુદી પાડનાર નીશાની.

અર્થ (સં) અભિપ્રાય, ભાવ.
જુદું=જુદું, નોખું, અલગું.
વર્તમાન પત્ર (સં) ન્યુસપેપર, ચાલતા વખતની ખબર આપનાર પત્ર, જે કાગળમાં ગામોગામના જાણવા લાયક સમાચાર આવતા હોય તે.
શોધ (સં) ખોળ, તપાશ.
કચેરી (ફા) કામદારને કામ ચલાવવાની જગ્યા. કોર્ટ.
ફર્યાદ (ફા) અરજી, દાવો, ઇજા થયાનો બદલો લેવાને માટે જે અરજ કરવી તે.
ખુબી (ફા) મઝા, રસ, ચતુરાઇ.
રાજધાની (સં) પાયતખ્ત, રાજા પોતે રહેતો હોય તે શહેર.
ટપાલવાળા=ડાક લઈ જનાર, પોસ્ટમેન.
સદ્ગુણ (સં) સારા ગુણ. (સત+ગુણ)
રાજકિય=રાજકાજ સંબંધી જાણનાર.
પાઠશાળા (સં) ઉંચી પ્રકૃતિની શાળા (પાઠ+શાળા)
હાઇસ્કુલ (ઈં) મુખ્ય નિશાળ.
ધરાવતો=રખાવતો.
અભિપ્રાય (સં) હેતુ, મનની ધારણા.
ગફલત (આ) બેપરવાઇ, ભૂલ, સરત.
રોકાણ=અટકાવ.
ચિત્ર=ખ્યાલ, ચિતાર.
એકમેક=એકબીજાની, અન્યોઅન્ય.
ખામી=ખોડ.
પસંદ (ફા) ગમતું, ફાવતું, ચુંટી કાઢવું, ખુશ, રાજી.
ગેરબંદોબસ્ત (ફા) અંધેર કારભાર, અવ્યવસ્થા.
સંરક્ષણ (સ) સારૂં રક્ષણ.
મહેસુલ=(આ) જકાત.

સામટું=એકદમ, એકઠું.
દેશીરાજા=પોતાના દેશનો રહેનાર રાજા.
કજીઓ=કંકાશ, ટંટો.
લોકમત=લોકોનો વિચાર.
ઇન્સાફ (ફા) ન્યાય.
દબાણ=ક્હેણ, ભાર.
ધણીપણું=માલકીપણું.
શાંતપણે=શાંતિથી.
ફેરફાર=બદલાવવું તે. ઉથલપાથલ.
હાકેમ (આ) સુબો, નવાબ, રાજા, સત્તા ધરાવનાર ધણી.
ખામી (ફા) ખોડ, ભૂલચુક.
જૂની પદ્ધતિ=પહેલાંનો રીવાજ, જૂનો ચાલ.
રળિયામણી=શોભીતિ.
સ્વાર્થ (સં) પોતાની મતલબ. (તેનાથી ઉલટો "પરાર્થ")
(સ્વ+અર્થ)
સ્પર્ધા (સં) ચડસા ચડસી, હરીફાઇ, હોંસાતોસી, અકડાઅકડી.
ઉત્તેજન (સં) ઇનામ, આસરો, સહાય, મદદ, પુષ્ટી.
બાબત (ફા) વિષય.
પરિણામ (સં) ફળ.
પરદેશ=પારકો દેશ.
પૂર્ણપણે=પૂરેપૂરૂં, પૂરી રીતે.
ધૂળધાણી=નકામું, બરબાદ (ધૂળ+એધાણી)
કૂચ (હિંદી) મુકામ ઉઠાવી આગળ ચાલવું તે, તૈયારી.
માલમિલકત (આ) માલમતા, જાનમાલ.
પ્રયત્ન (સં) મહેનત.
શણગારવું=શોભાવવું.
ગંતૂર=મદ્રાસ ઇલાકામાં શહેર છે.

સ્થાનિકહિત=દેશનું હિત.
ફતેહપૂરસીક્રિ=આગ્રા પાસે શહેર છે. (જે લડાઇને લીધે પ્રખ્યાત છે)
વિજાપૂર=મહારાષ્ટ્રમાં એ શહેર છે.
બાંધકામ=સાર્વજનિક કામ, નવાણ વિગેરે.
પીંઢારા=માણુસના શરીરને ઇજા કરી ધન મનાવનાર લુચ્ચા લોક.
ધાડાં=ટોળાં.
પંજો (ફા) કાબુ.
કબીલો (આ) બૈરાં છોકરાં, કુટુંબ.
દેશપ્રીતિ=દેશ ઉપર હેત.
જાનમાલ=જીવ અને માલમત્તા (જાન=જીવ, માલ=માલમત્તા)
મરકી=ઘણાં માણસ મરણ પામે એવો વખત, ઘણાં માણસ મરે એવો રોગ (ચેપી રોગ)
દેશાભિમાન (સં) પોતાના દેશ સંબંધી અભિમાન.
સમાન (સં) બરાબર.
લેખવતા=ગણતા.
સ્વાભાવિક (સં) કુદરતી.
મોટેરા=મોટા, વડીલ.
આગેવાન=આગળ પડતો અગ્રેસર.
મમતા=પ્યાર, વહાલ, પ્રીતિ.
ભક્તિભાવ (સં) ભક્તિ પ્રત્યે શ્રદ્ધા.
પેટપૂર=પેટ ભરાય એટલું જોઇએ તેટલું.
પરાણે=બળાત્કારે, મહા મહેનતે, જોરાવરીએ.
બદલો=બજીતર.
દસ્તુર (આ) રીત, રીવાજ, ચાલ.
સ્થળ (સં) ઠેકાણું, મથક.
વેપાર ખેડી શકતા નથી=વેપાર ચલાવી શકતા નથી.

[illegible]=આક, પાક, [illegible], પાસ્લી, [illegible].
મુશ્કેલી=અડચણ.
[illegible]વાં=હોતાં.
પડતી=નઠારી હાલતમાં આવેલું તે.
ટટાર=ઉભું.
સંકટ (સ) દુઃખ, વેદના.
ઘેરો=ચોતરફથી આંતરવું તે.
સદૈવ (સ) હમેશાં.
ગર્વ (સ) અહંકાર, અભિમાન.
ઘટા (સં) ડાળાં પાંદડાંનો ભરાવ, ગુચ્છ.
આડો=આંતરો.
ચોકી=રખવાળી.
મહેસુલ (આ) જમીન પર લેવાતો કર
વિશ્વાસ (સ) ભરોસો.
કાબૂ (આ.) સત્તા, અખત્યાર, બંદોબસ્ત.
ચોકસ=નક્કી.
દફતર (ફા) સરકારી કાગળીઆં, સરકારી કામકાજના ચોપડા.
લાંચ=રૂશવત.
દાખલ (આ) નોંધેલું.
ગુજરાન (ફા) ભરણ પોષણ, નિર્વાહ, જીવારો, ગુજારો.
બજાર (ફા) ભાવ, પીઠ.
શેરી=ફળીયું.
ભાવ=નિરખ.
પાક=નિપજ.
અનુભવ (સં) મહાવરો.
ખુવારી (ફા) નાશ.
આગગાડી=વરાળના જોરથી ચાલતી ગાડી.

બીનહરકતે=અટકાવગર.

મુસાફરી (આ) સફર, પ્રવાસ.

મુખ્ય મુખ્ય=મોટું મોટું.

કાયદો (આ) નિયમ, ધારો.

ફોજદારી=ચોરી ખુન વગેરેના ગુન્હા સબંધી.

દિવાની (ફા) લેણુદેણુના ઇન્સાફ સબંધી.

અદાલત (આ) ઇન્સાફ કરવાનું ઠેકાણું, ન્યાય મંદિર, કોર્ટ.

ખુલ્લી=ઉઘાડી.

નિયમસર=વખતસર.

નોંધ=ટીપ્પણુ, સ્મરણુ ચોપડી.

પૈકી=માંનું.

કાયમ=બહાલ, પરમેનન્ટ, મંજુર.

પેટુ=ભાગ.

ખ્યાલ (ફા) વિચાર, કયાસ, દરીઆફ્ત.

પૂર્વજ (સં) વડીલ, પહેલાં જન્મેલા.

નિરંતર (સં) હમેશાં, (નિઃ+અંતર)

સવાલ (આ) પ્રશ્ન.

સાંચાં=સંચા, સકંજા.

જળવાય=રખાય, સચવાય.

તનદુરસ્તી=આરોગ્યતા, નિરોગીપણું.

વાસ્તવિક (સં) ખરેખરી (વસ્તુ+ઇક)

ભંડોળ=ભંડાર, ખજાનો.

ખુલાસો=સમજણુ, ટીકા.

લેવાદેવા=સંબંધ.

બહુધા (સં) બહુ પ્રકારે, ઘણું કરીને.

જાતની ફરજ=પોતાના ધર્મ, પોતાનાં કર્તવ્ય.

શાક્ષી (સં) સાહેદી, નજરે જોઈ પ્રમાણુ કરી આપનાર.

સાવચેતી=સાવધ રહેવું તે.
પસરે=ફેલાય.
મર્યાદા (સં) હદ, સીમા, માપ.
આશા (સં) ઈચ્છા.
ન્યાયમૂર્તિ (સં) ન્યાયનું રૂપ.
સીઃ આઈ૦ ઈ૦ (ઈ) ઈલ્કાબનું નામ. તેનો અર્થ હિંદુરાજ્ય
નો સખાવત.
ભાષણ (સં) એકાદી વિષય લઈ ત ઉપર વિવેચન કરી શં-
ભળાવવું તે.
ઉત્કૃષ્ટ (સં) ઉત્તમ, શ્રેષ્ઠ; ચઢતું, સરસમાં સરસ.
સમૃદ્ધિવાન (સં) પૈસાદાર, તાલેવર, તવંગર, ગૃહસ્થ, દોલતવાળા.
બક્ષેલા=મરત ઉત્તેજનાર્થે આપેલા.
બજાવવા=ઉઠાવવા.
પૂર્ણ (સં) પુરો.
હયાતી (આ) હોવાપણું.
જીવન (સં) જીવતર, જીંદગી, આવરદા, આયુષ્ય.
પરિપુર્ણ (સં) પુરેપુરૂ.
સંપાદન (સં) પેદા, પ્રાપ્ત.
તત્પર (સં) તૈયાર.
નામદાર (ફા) માન પામેલું.
અમલ (આ) બજાવવું.
ધારણા (સં) વિચાર, કલ્પના, અટકળ, પો, આસરો, મનસુબો.
ઉદય (સં) પ્રગટ, સારી સ્થિતિમાં આવવું.
ભવિષ્ય (સં) આગળ ઉપર થવાનું તે.
કથન (સં) કહેણ, વર્તારો. [જાને ગણવું તે.
ભાઇચારો=સ્નેહીપણું; વહાલમાં સગાભાઇ પ્રમાણે એક બી-

પ્રકરણુ ૨ જું.

મુકાબલો (આ.) સરખામણી.

બાબત (ફા) વાનાં, વાત.

પ્રમાણ (સં) માપ.

અમલ (આ) સત્તા.

ક્ષેત્રફળ (સં) કોઈપણ જગાની લંબાઈને પહોળાઈનો ગુણાકાર. (ક્ષેત્ર+ફળ)

સુમારે=આશરે.

દેશી સંસ્થાન (સ) પોતાના દેશના રાજાનું રાજ્ય. (દેશી+સંસ્થાન)

ચોરસ મૈલ=એક મૈલ લાંબુ અને એક મૈલ પહોળું હોય તે (ચોરસ+મૈલ)

વસ્તીપત્રક=વસ્તીની ગણતરીનું પત્રક. (વસ્તી+પત્રક)

ખાડી=ખાચચોખીચ, ઘીચ.

લલચાય=લોભાય.

સ્વરાજ્ય (સ) પોતાનું રાજ્ય. (સ્વ+રાજ્ય)

હક્ક (આ) દાવો, સત્તા, ધણીપણું.

તવંગર (ફા) પૈસાદાર, તાલેવર.

સંભવ (સં) બની શકવું, થવું.

વહીવટ=કારભાર.

જબ્બર (આ) મોટું, જોરાવર.

પાયમાલી=દુર્દશા, ખરાબ હાલત.

તુરંગ (સં) મનના બુટ્ટા, વિચાર, મનસુબો, કલ્પના.

પુરાવો=સાબીતિ.

ખંડેર=ભાગેલાં ઘર (ખંડ+ગૃહ.)

સહી સલામત (આ) જોઈએ તેવું, અણિશુદ્ધ.

ચિન્હ (સ) નિશાની.
ચેતપણું=સાવધપણું.
અનુમાન (સં) તર્ક, વિચાર, કલ્પના, ધારણા, (અનુ+માન)
સ્થાપતા (સ) મંડાતા સુધી.
હુનરી (ફા) કીસબી, કારીગરી વાળું.
કાટ (સ) કાષ્ટ, ઈમારતી લાકડું.
નિપજ=ઉપજ, પાક.
કારીગરી (ફા) બારીક કામ, હુનર
પેદાસ=ઉપજ.
આસુરી (સ) આસીરીઆની.
કીમતી (ફા) મૂલ્યવાન.
રૂમી=રોમની.
દેશાવર (સં) પરદેશ, પરમુલક, બીજો દેશ.
મલમલ=એક જાતનું બારીક સુતરાઉ કપડું.
મંદ=ધીમો.
મ્યુનીસીપલ (ઈં) સુધરાઈ ખાતાનો, સ્થાનિક સ્વરાજ્યનો.
ફુરસદવાળા=નવરાશવાળા.
રાજતંત્ર (સ) રાજ કારભાર.
મુખ્ય શહેર=મોટું શહેર.
પથરાયલી=ફેલાયલી.
સ્થાનિક=સ્થાન સંબંધી
રાજ્યપ્રકરણી (સ) રાજ્ય કારભાર સંબંધી.
લોર્ડ (ઈં) અમીર.
હેતુ (સં) મતલબ, ઉદ્દેશ.
મુકરર (આ) નક્કી. ખચીત, અમુક, નિશ્ચય.
ત્યાંલગી=ત્યાંસુધી.
ગોઠવણ=વ્યવસ્થા.

બાજુએ=કોરે. [સ્થાનિક સ્વરાજ્ય.
મ્યુનિસિપાલિટિ (ઇં) સુધરાઇ ખાતું, લોકલ સેલ્ફ ગવર્નમેંટ,
મતલબ=હેતુ, ઉદ્દેશ.
ઘાલતા પરોવતા.
દરમ્યાન=તેટલામાં.
કેળવણી=જ્ઞાન, વિદ્યા, કેળવવાનું કામ.
ગવર્નર જનરલ (ઇં) વાઇસરૉય, રાજપ્રતિનીધિ, રાજ્યના રાજાને બદલે કારભાર કરનાર.
ઇસ્ટ ઇંડીઆ કંપની (ઇં) પૂર્વ હિંદમાં વેપાર કરવાને સ્થપાયલી કંપની (ઇસ્ટિ=પૂર્વ, ઇંડીઆ=હિંદુ, કંપની=મંડળી)
અર્લ (ઇં) ઉમરાવનો હોદ્દો. (ઇંગ્લાંડમાં ઉમરાવને, ડયુક, માર્કવીસ, વાઇકૌંટ, અર્લ, બારન, સર, વગેરે પદ્વિ મળે છે.)
બેપરવાઇ (ફા) બીનદરકારી, તમા વગરનું.
બદનામ=અપજશવાળું.
લૌકિક (સં) લોકો સંબંધી.
સ્પષ્ટ (સં) ખુલ્લું.
બિરાજતા=શોભતા, બેસતા.
મારફત (આ) બીજા પાસે થઇને.
મંડળી (સ) જથ્થો, ટોળી.
કાગળ=ચીવટ.
ભયંકર (સં) બીહામણું, કમકમાટ ભરેલું.
વહીવટદાર=વહીવટ કરનાર, કારભારી.
અંકુશ (સં) દાબ.
આડસરો=આશરો.
સંબંધ (સં) બાબત.
અમુક (સં) ચોકસ, મુકરર. [કબજે.)
સ્વાધિન (સં) પોતાને તાબે. (સ્વ=પોતાનું. આધિન=તાબે,

સફાઇ (હિં) સ્વચ્છતા, સુઘડતા, ચોખવટ.
ઓકટ્રોઇ (ઇં) દાણ.
વાજબી=ખરૂં.
ગરજ (આ) જરૂરીઆત.
ખરીદી=વેચાતું લેવું તે.
વહીવટ=ચાલતો આવેલો રીવાજ.
અટકાવ=રોકાણ.
ઉડાઉપણું=ખરાબ માર્ગે ઘણું ખર્ચવું તે.
પૂરવટો=પાણીનાં સ્થાન.
પ્રાથમિક=વર્નાકયુલર, દેશી ભાષાની શરૂઆતની.
રાજ્ય પ્રકરણ (સં) રાજ્ય કારભાર સંબંધી.
મૂળતત્ત્વ=પાયો, મૂળનું હોવાપણું, સારાંશ, મતલબ.
વતની (આ) રહીશ.
ગટર=મોરી.
દીવાબત્તી=અજવાળા માટે ફાનસ સળગાવવાં તે.
સગવડ=ગોઠવણ, વ્યવસ્થા, બંદોબસ્ત, અનુકુળતા.
મુખત્યાર (ફા) એકાદું કામ કરવાને જેને બીજા તરફથી
સત્તા મળી હોય તે, વાલી.
સભાસદ (સં) સભામાં મંડળીમાં બેસનાર.
કાયદેસર=કાયદા પ્રમાણે.
ફતેહ (આ) જીત, જય.
સૂચવવું=બતાવવું, દેખાડવું.
ખાસ (આ) મુદ્દામ, જરૂર.
અમુક (સં) મુકરર, ચોકસ.
સાધન (સં) સાહિત્ય.
મગરૂર (ફા) અભિમાનિ.
આબાદી (ફા) ચડતી.

શાહજાદા (ફા) પાદશાહનો પુત્ર.
દશા=હાલત, અવસ્થા.
પદ (સં) પદ્વી, હોદ્દો, દરજ્જો.
સર (ફા) તાબે કરવું, જીતી લેવું.
આરંભ (સં) શરૂઆત, મંડાણ.
વૃદ્ધિ (સં) વધારો, ફેલાવો.
ખલેલ (આ) નુકશાન, હરકત.
અવલોકન (સં) જોઇ તપાસી વિચાર કરવો તે.
નાવિક (સં) વહાણવટી, ખલાસી.
ભાન (સં) જ્ઞાન, સમજણ.
અડચણ=હરકત.
સંભાળ=તજવીજ, કાળજી રાખવી.
બ્લાક હોલ (ઈં) કાળોગૃહ, અંધારી કોટડી.
ભૂસાવું=ભાન ઘટી જવું.
કુશળતા (સં) પ્રવીણતા.
પૂરાણ=પૂરાવું.
વહેણ=વહેવું તે, પ્રવાહ.
વાવાઝોડું=ઝૂડી નાંખે તેવો જોસવાળો પવન.
જહાજ=વહાણ, ફતેહમારી.
ડંકો=ફૂરજો.
સંખ્યાબંધ=ઘણા.
વખાર=કોઠી, જ્યાં વેચવાનો માલ ભરી રાખ્યો હોય તે જગ્યા.
ઝપાટાબંધ=સપાટાબંધ.
અધિક=ઘણું.
તેજ=નૂર, કાન્તિ.
લંગરવું=નાંગરવું, થોભાવવું.
જાહેર=છ્ચોક, ખુલ્લું, ઉઘાડું, આહન.

નિમણુંક=નોટ્ટ્રણુ.
માનવંતો=માનવાળો.
આહૂત (આ) અડચણુ.
ચાંચીયા=વહાણના લૂટારૂં.
વશ=તાબે, સર.
રખડાઉ=રઝળતા, ભટકતા.
કરજે=દેવા.
વાર્ષિક (સ) વર્ષની.
લફંગા=ખંધા, કાવતરાં કરવામાં પાકા, તઠાકી, લુચ્ચા.
હેરત=નવાઇ, અચરજ, અચંબો.
ભપકાદાર=ઠાઠમાઠ વાળાં, દાકદમાક વાળાં, તેજસ્વી, રોકાનદાર.
બગીચો (ફા) વાડી, બાગ (જેમાં ફુલ, ફળ, વગેરે રોપવામાં આવે છે તે).
ભવ્ય (સં) બહુ સુંદર, ભપકાદાર, ઘણું શોભીતું.
લંગર (ફા) વહાણ થોભાવી રાખવાની લોઢાની બિલાડી.
કિલ્લો=દુશ્મન ચોર વગેરેથી ન આવી શકાય તેવું ચાર બૂરજ કરી વચમાં બાંધેલું, શહેર આસપાસ બાંધેલી દીવાલ)
ઝેરી=ખરાબ, ઝેર ચડે તેવું.
ફાટી=ફેલાઇ.
ગોદી=કામ પડે ત્યારે ખાડીનું પાણી અંદર આવે એવી તજવીજનું વહાણ બાંધવા સમારવાનું ઠેકાણુ, ફુરજો.
જારી=ચાલુ.
સંતાવવું=છૂપાવવું.
વેલાઇ (ઈં) સંચો.
ખડકી=મહારાષ્ટ્રમાં શહેર છે.
સતાવણી=ધાસ્તી આપીને કહેવું તે.

થોકબંધ=જથ્થાબંધ.
વાવટો=રાજ્યનું નિશાન, ધ્વજ, પતાકા.
આશ્રમ (સં) મુકામ, જગા, ઠેકાણું, ઠામ.
સપડાયલા=ચપડાયલા, પકડાયલા, ફસાઇ ગયેલા, અંતરાયલા.
ગુજરી=શહેરમાં ભરાતુ બજાર.
જય (સં) જીત, વિજય.
ડ્યુક (ઇં) પદ્વિનું નામ.
રાજ્યનીતિ (સં) રાજ્ય ચલાવવા સંબંધી જે વિદ્યા તે.
પુરાવો=સાબીતિ.
વરિષ્ઠ (સં) મોટી, શ્રેષ્ઠ.
નૌકા (સં) કામ કરવાનું ઠેકાણું.
કારખાનું (ફા) કામ કરવાનું ઠેકાણું.
રોજી (ફા) ગુજરાન, નિર્વાહ.
દબદબો=જાહોજલાલી, ધામધુમ, બપકો, રોફ, દમામ.
મહત્વ (સં) મોટાઇ.
દર્શાવવું=દેખાડવું.
નાંગરવું=થોભાવવું.
ઇજનેરી=સરકારી મકાન, રસ્તા. પુલ, ઇમારતો વીગેરે બંધાવનારૂં ખાતુ.
ફીરંગી=ફિરંગીસ્તાનના રહીશ યુરોપીઅન, પોર્ટુગીઝ.
પ્રમુખ=(સં) વડો, મુખ્ય, મોટો.
આધુનિક (સં) નવું, હમણાંનું, આ કાળનું, અર્વાચિન.
વિગ્રહ (સં) લડાઇ, ટંટો, યુદ્ધ.
બીન=નગર.
માંડલે=બ્રહ્મદેશની રાજધાનીનું શહેર.
મથક=મુખ્ય ઠેકાણું, મોટા વેપારનું બંદર.
અત્રે (સં) અહીં.

સુરક્ષિત (સં) સારૂં રક્ષાયલું.
ગર્વ (સં) અભિમાન, અહંકાર.
ફરજ=ડયુટી, કર્ત્તવ્ય, અગત્ય.
કામ (આ) ખ્યાલ.
માઠા=નઠારા, ખોટા
ઇતિહાસ (સં) તવારીખ, ખબર, વાત, બ્યાન, પ્રાચીન વૃતાંત.
પુસ્તી=પૂલ.
દરમ્યાન (ફા) પેઠીમાં, સાતમીનો પ્રત્યય.
મહેરબાની=દયા, કૃપા, રહેમ, નીંદા.
સખ્તાઇ=જુલમ,
આકર્ષણ (સં) ખેંચાણ.
બિટાનીઆ=શહેરનું નામ છે.
અવાજ (ફા) ધ્વની, શબ્દ, સાદ, નાદ.
ઓક=એક જાતનું લાકડું.
વાસ (સં) રહેઠાણ.
મના (આ) ના, સખ્તાઇ.
કાંતો=અથવા, અગર, કિંવા.
અથડાઇ=અફળાઇ, ટીચાઈ.
ગર્જના=કાટકો, ખુબ જોરથી ગાજવું તે, ભડાકો.

પ્રકરણ ૩ જું.

અમલનાં મથકો=અમલનાં મુખ્ય ઠેકાણાં.
હિંદવાસી=હિંદમાં રહેનાર.
પેટું=એક મોટાની અંદર નાનું આવે (સમાય) તે.
કલ્પના (સં) વિચાર, ધારણા. અટકળ, તુરંગ, મનસુબા.
અક્કલવાળો=બુદ્ધિશાળી.

પરાણે=બળાત્કારે, જોર જુલમથી.
બિસાત=હિસાબ, કમ.
બાતલ (ફા) બાદ.
પરૂં=મૂવાડું, શહેરની બહાર નજીકમાં જે વસ્તી રહેતી હોય તે.
સુમારે=આશરે.
એકંદરે=પરિણામે, સારાંશે.
મહત્વ (સં) મોટાઇ.
ફતેહમંદ (આ) જયવાળું, વિજયી, જીતવાળું.
તંત્ર (સં) કારભાર, દોરી.
નાબુદ (ફા) સમૂળો નાસ કરી નાખ્યો હોય તેવું.
પરંતુ (સં) પણ, તોપણ.
કાયમ=ટકી રહેનારૂં, સ્થિર, અચલ.
વિરૂદ્ધ (સં) ઉલટું, સામું.
હિત (સં) ફાયદો.
સમતોલપણું=સરખાપણું.
બહોળું=વિસ્તારીણું, ફેલાવાવાળું, મોટું.
મારફાડ=સખ્ત મારો, જૂલમ.
સરહદ=સીમા, છેડો, અંત, શીમાડો.
જીલ્લો (સં) જેની અંદર ઘણા તાલુકા આવ્યા હોય તે.
સમાસ (સં) સમાવેશ.
ગણતરી=ગણના.
સાધારણ=સામાન્ય, મધ્યમ.
અજમાયશ (ફા. અઝમાયેશ) અટકળ, અડસટો.
ભોગ (સં) બળીદાન, માઠીદશા.
મહેસુલ (આ) જમીનપરનો કર, જકાત, સરકારવેરો.
સરજન (ઇં) વડો ડાક્તર, મોટો ઇંગ્રેજી વેદ.
વિસ્તાર (સં) ફેલાવો.

ફડચો (ફા) નિકાલ, તોડ, ખુલાસો.
નીઘા (ફા) દયા, મહેરબાની, રહેમ, નજર, તપાસ.
નીઘાબાની (ફા) નજર, તાબો.
હકુમત (આ) સત્તા, અમલ.
ચક્કર (સં.) ચક્ર, પૈડું.
વડી=મોટી.
તંત્ર (સ) સભા, મંડળ, કમિટિ.
લાયકાત (ફા) યોગ્યતા.
મુલાકાત (આ) મેળાપ, સંયોગ, ભેટ.
દિવાની (ફા) લેણદેણ સંબંધી.
ફોજદારી (આ) મારફાડ, ચોરી, ખુન સંબંધી.
નિરંકુશ (સ) સ્વતંત્ર.
લેખી=લખેલો, મોઢાનો નહિ તેવો.
અલાયદા=નોખા, જૂદા.
મકામ=ઠેકાણું.
દસ્તાવેજ (ફા) લેખ, ખત.
કરકસર=સંભાળીને ખર્ચ કરવું તે.
એકપણું=એકત્રપણું.
રજીસ્ટર (ઈં) પત્રક, (જેમાં તમામ હકીકત જણાય તેવું પત્રક)
તહેસીલ (આ) મહાલ.
બોર્ડ ઓફ રેવન્યુ (ઈં) મહેસુલનું મંડળ.
ક્યાસ=ઓછું, ઉણું.
ચાલચલગત=વર્તણુંક.
કાબૂ (આ) દેખરેખ.
અખત્યાર (આ) હુકમ.
મુદ્દો (આ) જરૂરનું.
જાતમાહિતિ=પોતાની માહિતિ.

સંયુક્ત (સં) જોડાયલું.
સિવિલ સર્વીસ (ઇં) મૂલ્કી નોકરી.
ખાત્રી (આ૦) સાબીતિ.
મંજૂર (આ) પાસ.
પ્રસારક (સં) ફેલાવનાર.
સમક્ષ (સં) પાસે, રૂબરૂ.
ચમખાની=એક પ્રાંતનું નામ છે.
ખાન (ફા) મુસલમાનોમાં મોટા માણસોનું ઉપનામ છે.
આફ્રિદિ=લોકનું નામ.
રજુ=હાજર.
અદ્યાપિ (સં) હજીલગી, આજસુધી, કોઇપણ કામ કરવા-
ના બદલામાં.
જાગીર (ફા) જમીન અથવા ગામ ઇનામ મળ્યું હોય તે.
ઇનામ=બક્ષીસ.
બક્ષી=ઇનામ આપી.
સીમાડો=છેવટની હદ, ગામને લગતી જમીનનો છેડો.
વાઢનાર=કાપનાર.
થાણું=મથક, રહેઠાણ, ઠેકાણું, જગ્યા.
માંડલે=બ્રહ્મદેશમાં શહેર.
ત્રાસ (સં) ડર.
વર્તાવવું=જણાવવું.
શાનસંસ્થાન=હિંદિચીનમાં.
ખાતર (આ૦) કાજે, વાસ્તે, માટે, સારૂ, લીધે.
પૂર=રેલ.
ઉભરાવવું=છલકાવવું.
અમલ (આ.) હુકમ, સત્તા, અખત્યાર.
કુશમોરનોબંધ=સિંધમાં કુશમોરનો પૂલ છે.

આબાદ (ફા) સુખી.
નિશાન (ફા) એંધાણુ.
કલ્યાણુ (સં) ભલું.
જેકાબાબાદ. } સિંધ પ્રાંતમાં શહેર.
શક્કર } ”
ભાગ=અંગ, વિભાગ, ટૂકડો.
બોજો (ફા) ભાર.
તથાપિ (સં) તોપણુ.
કદ (આ) મોટાઇ.
ફેર=તફાવત.
વર્ણુવેલાં=વર્ણુન કરેલાં.
બાતલ (આ.) બાદ.
સરેરાશ=સરાસરી.
અમલદાર=કામદાર, અધિકારી. [રવો તે.
જમાબંધી=સરકારે દરવરસે દરવીઘે લેવાનો આંકડો નક્કી ક-
લક્ષણુ (સં) વર્તણુક, ચાલ, ટેવ.
તોફાની (આ) મસ્તાન.
જવાબદારી (ફા) જુમ્મો, જોખમ.
આજ્ઞા (સં) ફરમાન.
મદદનીશ (આ) સહાયકારી, મદદ આપનાર.
જડ્જ (ઈં) ન્યાયાધીશ.
કલેકટર (ઇં) જીલ્લાનો રેવન્યું ખાતાનો અધિકારી.
જમીનદાર (ફા) જમીનની પેદાશ ઉપર જેનું ગુજરાન ચાલે છે તે માણુસ.
દુભાષિયો=બે ભાષા જાણુનાર. ટ્રાન્સલેટર.
પ્રીસ્તવ (ઇં) હોદ્દાનું નામ.
બસ (ફા) પૂરું, થયું હવે.

સબ જડજ (ઈં) જડજથી ઉતરતો ન્યાયાધિસ.
સદર અમીન (ફા) મોટો ન્યાયાધિશ.
પ્રયોગ (ફા) દાખલો, અનુભવ.
ફરમાવવું=હુકમ કરવો.
ટ્રાન્સક્રાસ્પિયા=પ્રાંતનું નામ.
અનુસરવું=મળતા આવવું.
ડેપ્યુટી કલેકટર (ઈં) કલેકટરના હાથ નીચેનો અધીકારી.
સારાંશ (સં) મતલબ, તાત્પર્ય.
વર્તવું=ચાલવું.

પ્રકરણ ૪ થું.

સુબો=હાકેમ.
દખ્ખણ=દક્ષિણ.
સમય (સં) વખત.
શાખા (સ) ફાંટા.
ઇલકાબ (આ) કાગળપત્રમાં લખવાનો ખિતાબ, યોગ્યતા, માન.
વાકેફ (આ.) માહીતગાર, જાણીતા.
મધ્યસ્થ (સં) મધ્યમાં રહેનાર.
દરજ્જો (આ) હોદ્દો, પદ્વિ.
લોપ (સં) ગૂમ.
આઇનઅકબરી=અકબરનો કાયદો (આઈન (ફા) કાયદો.)
શાક=એકાદા વિજયની યાદદાસ્ત રહેવા માટે તે પુરૂષના જન્મ દિવસ અથવા વિજયના દિવસથી માંડીને ઉત્તરોત્તર વર્ષ, કાળની જે ગણતરી લોકોમાં ચાલે છે તે.
કસ્બો (આ) પ્રગણાનું મૂખ્ય ગામ.
સવાત } પ્રાંતનાં નામ છે.
બાજોર }

મેકાંગ=કામબોડીઆ નદી.
સલ્તનત=પાદશાહી.
પેસારો=પ્રવેશ.
વધઘટ=ઓછુંવત્તું.
રાજકિય=રાજકાજ સંબંધી.
સંભવિત (સં) બની શકે તેવું.
કદ=આકાર.
પ્રેસીડેન્સી (ઇં) ઈલાકો.
પ્રેસીડેન્ટ (ઇં) પ્રમુખ.
ધારાસભા=કાયદા કરનારી સભા.
કાઉન્સીલ (ઇં) સભા, કમિટી.
પ્રત્યક્ષ (સં) ઉઘાડું, ખુલ્લું.
સંજોગ (સં. સંયોગ) મેળાપ.
લાગુ=અનુકુળ.
અણધારેલો=એકાએક બનેલો.
જોખમદારી=જવાબદારી.
ફોર્ટસેન્ટજયોર્જ (ઇં) મદ્રાસનો કિલ્લો.
જબરજસ્તી (આ) જોરાવરીથી, સખ્તાઈથી, બળાત્કારે, પરાણે.
સર=તાબે.
કોલકરાર (આ.) વચન સાથે જે બંદોબસ્ત તે.
ફરમાન (ફા) હુકમ, આજ્ઞા.
મસલત (આ) સલાહ, કરાર, વિચાર.
સ્વીકારી=કબુલ કરી.
બથાવી=પચાવી.
સુલતાન=પાદશાહ.
કોઠી=વખાર, લાતી, વેપારનો માલ રાખવાને બાંધેલી જગ્યા.
નકરો=ચોખ્ખો, એકલો.

ઉથલપાથલ=ફેરફાર, ઉંધુચતુ, ઉલટપાલટ.

તરફેણુ=પક્ષ.

મ્યાન (ફા) બંધ કરવું.

પક્ષ (સ) તરફ.

તહ (ફા) કોલકરાર, સલાહ.

ખાલસા (આ) પોતાને તાબે, સરકારી.

ઝઘડા=ટંટા.

મેદનાપુર } બંગાળામાં શહેર
પીપલી }

પટી=જમીનનો સાંકડો પટો. ચીચરવટી.

પરવાનગી (ફા) રજા.

ગૂમાવવું=ખોવું.

ખુદ=(ફા) ખાસ.

સંગ્રામ (સં) યુદ્ધ, લડાઇ.

સપાટાભેર=જોરભેર.

આબાદ (ફા) સુખી.

તવંગર (ફા) પૈસાદાર.

જારી=ચાલુ.

ઉમેદ=હાંસ.

અર્પણ (સં) દાન, ભેટ, બક્ષીસ.

બર=અમલ.

સીતાબાલ્ડી=વાયવ્ય પ્રાંતમાં છાવણીનું નામ છે.

પદભ્રષ્ટ (સ) ગાદીએથી ઉઠાડી મૂકવું.

વિજયી (સં) ફતેહમંદ, યશસ્વી.

રણજીતસિંહ=પંજાબનો શીખ રાજા.

જુઃમો=જોખમ.

જાહેરનામું=સરક્યુલર, જાહેરખબર.

જામવું=એકઠું થવું.
બોર્ડ (ઇં) સભા.
જપ્ત (આ) સરકારે પોતાની સત્તામાં રાખવું.
નામબદલો=નામ ફેરફારી કરાવવી તે, એકને નામેથી બીજાને નામે ચઢાવવું તે.
નિમાર=મધ્યપ્રાંતમાં જીલ્લો છે.
ગોવલપૂર=જીલ્લો છે.
સાગર (સં) દરીઓ, સમુદ્ર.
સ્વામિ (સ) ધણી, માલિક.
શ્વેત (સં) ધોળું.
ઉદ્ધતાઈ=અસભ્યવર્તણુંક, બે અદબીઆલ.
હજુર (આ) નજર આગળ.
વાદ (સં) ચર્ચા, સંભાષણ.
કેપ્ટન (ઇં) ખલાશીઓનો ઉપરી.
વર્તણુંક (સ) ચાલચલગત.
વેપારવણજ=વેપાર રોજગાર.
વિસ્તાર (સં) વધારો, ફેલાવો.
તહનામું=કરારનામું, એહદનામું.
વિનતિ (સં) અરજ.
વિધિ પૂર્વક (સં) વિધિ સહીત.
અઘટીત= બે અદબી, અયોગ્ય.
રેસીડેન્ટ (ઇં) પોલીટીકલ એજંટ કરતાં ઉંચા દરજ્જાનો ઈંગ્રેજ તરફનો દેશી રાજ્યમાં રાખેલો વકીલ.
પોલીટીકલ એજંટ (ઇં) રાજક્રિય બાબત માટે દેશી રાજ્યમાં રાખેલો અંગ્રેજ તરફનો આડતીઓ.
મકૅરા=કુર્ગનું મુખ્ય શહેર.
બોરીખીણ=બલુચિસ્તાનનો ભાગ.

ત્રાસેલા=બીક પામેલા.
સમગ્ર (સં) બધું.
વધાવ્વા=માનપૂર્વક સ્વીકારી.
સંપાદન (સં) મેળવવું.
પહેલ=જે કંઈ પહેલું થયેલું તે.
નકલ (આ) એકનું જોઇ બીજાએ કરવું તે.
આંધાધુંધી=અંધેર.
તુચ્છ=હલકા.
ધસ્યું=દોડ્યું.
નિકટ (સ) પાસે, નજીક.
ઉદય (સં) ચડતી.
દરબાર=રાજ્યસત્તાવાળો મળેલો સમાજ.
સુમારે (સં) આશરે.
લેફ્ટેનેન્ટ ગવર્નર (ઈં) સહાયકારી ગવર્નર.
કર્નલ (ઇં) પલટણનો મુખ્ય સરદાર.
ડાયરેક્ટર (ઈં) કંપનીનો વહીવટ કરનાર.
વાઇશરૉય (ઇં) રાજાને બદલે રાજ કરનાર.
રાજ્ય પ્રતિનીધિ=કોઇની વતી રાજ્ય ચલાવનાર.
કમીશનર (ઈં) ઇંગ્રેજ તરફનો આડતીઓ.
ચીફ કમીશનર (ઇં) ઇંગ્રેજ તરફનો મોટો આડતીઓ.

પ્રકરણ. ૫ મું.

પર મુલક=બીજો દેશ.
પ્રદેશ (સ) મોટો દેશ.
ઝુમખાં=ટોળાં, જથા.
પથરાઈ=ફેલાઇ. [ખ્યાત છે.
મહારાજપુર=મધ્યહિંદ એજન્સીમાં શહેર લડાઇને માટે પ્ર-

સાધારણ=ઘણાને લાગૂ પડે તેવું.

દેશીસંસ્થાનિકો=દેશી સંસ્થાનના રહીશો.

જોડાજોડ=લગોલગ, પાસે પાસે.

અશક્ય (સં) અસંભવિત.

પરાક્રમ (સં) બહાદુરી.

રણજીતસિંહ=પંજાબનો શીખ રાજા.

કિંવા (સં) અથવા, વા, યા.

બખેડો=મારામારી, ધાંધળ, ટંટો.

ફિસાદ (આ) બંડ, હુલ્લડ, તોફાન.

જય (સં) જીત.

નિરાશા (સં) આશા નહિ તે (નિઃ+આશા).

સત્તાધિશ (સં) અધિકારી, કામદાર, અમલદાર.

સેક્રેટરી ઓફ સ્ટેટ (ઇં) મહારાણીનો હિંદ ખાતાનો વજીર.

દૃઢપણું=નિશ્ચયપણું.

શક્તિમાન=(સં) બળવાન.

ખેંચીલેવી=તાણી લેવી.

સનંદ (આ) એકાદ કામ કરવા માટે જે સરકારથી મહોર-
વાળો કાગળ કોઇને આપવામાં આવ્યો હોય તે.

સામિલ (ફા) સોબતી, મેળાપી, સાથી.

આબરૂ (ફા) ઇજત.

રૂએએ=રસ્તે.

મૈત્રી (સં) દોસ્તી, મિત્રાચારી, ભાઇબંધી.

દવ (સં) જંગલ બળવું તે.

જાથુ=હમેશાં.

દર્શાવેલું=બતાવેલું.

ખટપટ=કાવતરું.

બીન વારસી=વારસા વગરની.

ફેરબદલો=અદલબદલ.
પ્રાપ્ત (સં) મળેલું, પેદા કરેલું.
તક=જોગવાઈ, યોગ, દાવ, લાગ, થોલ.
વિસ્તારવાળાં=ફેલાવવાળાં.
લોકમત=લોકનો વિચાર.
છવાયું=ઢંકાયું.
એજન્સી (ઇં) ઘણાં સંસ્થાનનો જથો.
સમાસ (સં) સમાવેશ.
જાટ-રજપુતાનાં એ જાતના લોકો રહે છે.
સોસાવવું=સૂકાવવું, ચૂસાવવું.
એજન્ટ (ઇં) આડતીઓ, દલાલ.
વેરાતો=ફેલાતો.
ગુંચવણ-ગોટાળો, આંટી.
ખંડણી=પોતાની તાબેદારી અથવા સહાયતા માટે જે પૈસા નાના રાજાએ મોટા રાજાને આપવા તે.
જાહેર=પ્રસિદ્ધ, છચોક, પબ્લીક.
બહારવટું=વેર વાળવા સારૂં બહાર નીકળવું તે.
તાલુકદાર=ગામ પ્રગણાંનો વહીવટ ચલાવનાર.
સમૂહ (સ) જથો, સમુદાય થોક, ટોળું.
દત્તક (સં) બીજાનો છોકરો પોતાનો કરી રાખેલો.
વારસ (આ) મરનારની મિલકતનો હકદાર.
અકાળ (સં૦અકાલ) યોગ્ય કાળે નહિ.
કાર્કીદી (ફા) જ્યાંલગી કારભાર ચાલુ હોય ત્યાંલગી.
સગીર=નાની ઉમરનો.
બાંહ્યધરી=જામીનગીરી આપવી તે.
રજવાડું=રાજવંશી કે રજપુતો રહતા હોય તે પ્રાંત.
ઠકરાત=ઠાકોર કે તેના વંશજ જે ગામમાં રહેતા હોય તે.

મુકરદમો (આ) કજીઓ.
જૂમાવવું=ખોવું.
મોખરૂ=આગળ, બાઈ.
નિષ્ઠા (સં) આસ્થા, પ્રીતિથી વળગી રહેવું તે.
ઉત્સુક (સ) હોંસીલું, ઉમંગી.
કલ્યાણ=સારૂં થવું તે.
ખુશ્કી=જમીન રસ્તો.
તાજ (સ) મૂગટ.
કવિત (હિંદી) મનહર છંદની કવિતા, કવિતા.
સમભાવ (સ) એક સરખો ભાવ.

——(o✻o)——

પ્રકરણ ૬ ઠું.

સમગ્ર (સ) બધું.
બંધારણ=ગોઠવણ.
સ્વરૂપ (સં) પોતાનું રૂપ.
વિશાળ (સં) મોટું.
ઘોટાળો=ગુંચવણ.
અખ્તીઆર (આ) સત્તા. કાબુ.
નિકાલ=ફડચો.
વિરોધ (સં) રાંડું, વેર.
કબુલ=મંજૂર.
નભાવવું=ચલાવવું.
એકદિલી=એકત્રમન.
કાબૂ (આ૦) અખત્યાર.
નિરાકરણ (સં) નિકાલ, રદ.
સમાધાન (સં) નિવેડો, ફડચો, ખુલાસો.

કમીશન (ઈં) દલાલી, વટાવ.
વિરૂદ્ધ (સં) ઉલટું.
પ્રમુખ (સં) અગ્રેસર, આગેવાન.
પ્રવીણ (સં) કુશળ.
શ્રેષ્ઠ (સં) ઉત્તમ.
ચર્ચા (સં) સામાસામી તકરાર, સંભાષણ, વાદ.
દબદબો=દાકદમાક, ભપકો.
પરિશ્રમ (સં) ઘણી મહેનત.
આગેવાન (સં) અગ્રેસર.
ઢોળાવ=ઢાળ.
હિમાયત (આ) પક્ષ, કુમક, ઉપરાણું.
મુલાકાત (ફા) મેળાપ.
સહવાસ (સં) સાથે રહેવું તે. મેળાપ.
કરાર=કોલ, ધારો, તહનામું.
હોદ્દો=પદ્દિ, દરજ્જો.
અંગે=તાબે.
મંત્રિ (સં) પ્રધાન.
અભિપ્રાય (સં) વિચાર, મત, વોટ.
જાગૃતિ (સં) હોશિયારી, સાવધપણું.
કર્ત્તવ્ય (સં) ફરજ, કામ, ડ્યુટી.
સંધિ (સં) મેળાપ.
એલચી (તુર્કી ભાષા) રાજા તરફનો વકીલ.
ચલણીનાણું=ચાલતું નાણું.
દાદ=ઇન્સાફ.
અપીલ (ઇં) નીચલી કોર્ટના ઇન્સાફથી નારાજ થઈ ઉપલી કોર્ટને અરજ કરવી તે.
દાબ=અંકુશ, દબાણ.

બજાવવું=અમલમાં લાવવું. [પ ૭ તે.
પાર્લમેન્ટ (ઇં) રાજા અને અમીરો મળીને જે સભા ભરા-
ફરમાવવું (ફા) હુકમ કરવો,
સરંજામ (ફા) સામગ્રી.
લગોલગ=નજીક, અડોઅડ, પાસે પાસે, જોડ જોડ
છુટકારો=છુટકો.
સલામતી (આ) કુશળતા, સાજું.
ભરતી (સં) દરીયાનું કે નદીનુ પાણી ચડે તે.
ખનીજ (સં) ખાણમાંથી જન્મેલું તે.
સારાંશ (સં) મતલબ, તાત્પર્ય.
જુદ્દો (આ) જરૂર.
નિર્ણય (સ) છેલ્લો ઠરાવ, નિશ્ચય.
ટીપ=યાદી.
હોદ્દો=દરજ્જો, પદ્ધિ.

કારણ=સબબ. [કાગળ.
સ્ટાંપ (ઇં) દસ્તાવેજ લખવાનો સરકારી મહોર (છાપ) નો
આકારેલા=ચઢાવેલા નક્કી કરેલા.
માથાફોડ=ફડાકુટ, પંચાત.
ઉત્તેજન (સં) ઇનામ, પુષ્ટિ, મદદ, સહાય, ટેકો, આધાર.
અવશ્ય (સં) જરૂર.
ખાતાંશાહી=ખાતાંવાળું, ખાતાંથી બનેલું.
યાંત્રિક બળ (સં) સંચાનું બળ.
વિગત=તપસીલ, બીના.
અનુસરવું=મળતા આવવું (અનુ. ઉપસર્ગ સૃ ધાતુ. જવું.)
વાદવિવાદ (સં) તકરાર, સંભાષણ.
વરાડ=ભાગ, હિસ્સો.
મોગલાઈ=મોગલ લોકોનું રાજ્ય.

ચીફ કમીશનર (ઇં) અંગ્રેજ તરફનો મોટો આડતીઓ.
ખાતર=માટે, કાજે, વાસ્તે, સારૂ, લીધે.
પોલિટિકલ (ઇં) રાજકીય, રાજ કારભાર સંબંધી.
કાનૂન (આ) કાયદો, ધારો.
શાસ્ત્રીય (સં) શાસ્ત્ર સંબંધી.
તપાસણી=ખોળ, તપાસ, શોધ.
વર્તારો=જોષ જોવો તે.
સલાહકાર=મદદનીશ, સલાહ આપનાર.
ટંકશાળ=રાજ્ય ચલણી શિક્કા પાડવાનું કારખાનું.
આશ્રય (સં) મદદ, સહાય, ટેકો, આધાર.
સંગ્રહસ્થાન (સં) જે ઠેકાણે દેશ દેશના પદાર્થો સાચવી રાખવામાં આવ્યા હોય તે.
પ્રદર્શન (સં) એકાદા કામમાં ખપમાં આવતી વસ્તુઓનો જથો દેખાડવો તે દેખાવ.
બ્યાન (ફા) વર્ણન, વિગતવાર હકીકત કહેવી તે. ઇતિહાસ.
સર્વોપરી (સં) સર્વથા ઉપરી.
પસાર=પાસ.
સંમતિ (સં) અભિપ્રાય, મત, વોટ.
બરતરફ (ફા) કાઢી મૂકવું, રજા આપેલું, દૂર કરેલું.
સિવિલસર્વીસ (ઇં) મુલકી નોકરી.
સંયુક્ત (સં) જોડાયલું, સંયોગી.
જવાબદાર=જોખમદાર, જુમ્મેદાર.
અંકુશ (સં) દાબ.
દેશુગી=ખંડણી.
સમૃદ્ધિ (સં) દોલત.
નામંજુર (ફા) ના કબુલ.
હાઇકોર્ટ (ઇં) મોટી કોરટ.

પ્રકરણ. ૭ મું.

ભેદ=તફાવત.
ગુણ=લક્ષણ.
સૃષ્ટિ (સં) દુનિયા, જગત, સંસાર.
મગજ=સમજનું ઠેકાણું.
કુદરત (આ) ઈશ્વરી શક્તિ, સ્વાભાવિક.
બક્ષેલું=ઈનામ આપેલું.
સાધન (સં) સાહિત્ય.
સ્થિતિ (સં) હાલ, દશા, અવસ્થા, હાલત.
આબાદ (ફા) સુખી.
ખાસીયત (આ) ટેવ, આદત, સ્વભાવ.
લાયકાત=યોગ્યતા.
પંકાય=પ્રસિદ્ધ થાય.
આડ=ઓથ.
મોસમ=ઋતુ.
પીગળેલું=ઓગળેલું.
ખામી=ખોડ.
ખાધર=ખુલ્લું.
ખિલવણી=કેળવણી.
પાક (સં) જમીનમાંથી ઉત્પન્ન થવું તે, નીપજ, પેદાશ.
ઉઘાડું=જાહેર.
હેવાલ=હકીકત.
જીવતર=જીંદગાની.
ફળદ્રુપ (સં) રસાળ.
બારત=મોટી.
વંશપરંપરા (સં) ચાલતું આવેલું.
નભાવવું=ચલાવવું.

જમ્બુદ્વિપ (સં) જાંબુના આકારનો બેટ.
ચુંબન (સં) બચ્ચી.
વતની (આ) રહીશ.
આરંભ (સં) શરૂઆત, મંડાણ.
સંસ્કૃત (સં) સુંદર થએલી, શુદ્ધ થયેલી, ગીર્વાણ.
નેળ=નાળ. (સાંકડો રસ્તો.)
અસ્પષ્ટ (સં) ઉઘાડું નહિ તે.
આભાસ (સં) દેખાવ, તેજ, ખ્યાલ.
ધુમ્મસ=ધૂમાડાજેવી ધાડી હવા.
વાસ (સં) મુકામ, રહેઠાણ, મક્કમ.
ખ્યાલ (ફા) તર્ક, વિચાર, કયાસ, દરિયાફત.
અંતરાઇ=અંતરાઇ.
સમાગમ (સં) સહવાસ, મેળાપ.
દૃષદ્વતિ=થાણેશ્વરની પાસે વહેતી નદી છે.
સિથિયન } =એક જાતના લોક પહેલાં હિંદમાં આવી વસ્યા
પહ્લવ } હતા.
યવન (સં) ગ્રીસનો રહીશ, હિંદુ નહિ એવી જાતીનો પુરૂષ.
દસ્યુ (સં) દુશ્મ.
વ્યવસ્થિત (સં) વ્યવસ્થાવાળું.
અસંખ્ય (સં) ઘણા.
લેખ (સં) લખેલું.
આરસ=સુંવાળો પથ્થર.
સાબિત=સિદ્ધ.
નાયક (સં) આગેવાન, વડો સિપાઈ.
વિજય (સં) જીત.
બસ (ફા) પૂરૂં, થયું હવે.
શ્રેષ્ઠતા=પ્રવીણતા, યોગ્યતા.

ઝનુની=જોરસાહાર.
દુઃખદાયી=દુઃખ આપનાર.
અનુભવ (સં) મહાવરો.
પઠાણ=એક જાતના મુસલમાન.
ગાઝ=ગીઝની.
ઉમદા (આ) શ્રેષ્ઠ, ઉત્તમ.
શણગારવું=શોભાવવું.
યાદ=સ્મરણ.
બાથ=હામ.
ઘરી=દોડી.
લડાયક=લડાક, યોદ્ધા.
ટક્કર=તકરારમાં કોઇને સપડાવવું તે, ટકી રહેવું તે.
તરવ=મૂળ.
અદલોબદલો=સારું.
નિશ્ચળ (સં) અચળ.
જમા કરેલા (આ) બેસાડી મેલેલા.
જાનમાલ=જીવમાલ.
સલામતી (આ) કુશળતા.
જોગવાઈ=ગોઠવણ.
પોલાદ (ફા) તીખું લોઢું.
સાહસ (સ) જે કામ પાર પાડવામાં પ્રાણની હાનિ થવા-
નો સંભવ હોય તેવું મોટું કામ કરવા છાતી ચલાવવી તે.
મુખ્યત્વે=ઘણું કરીને.
ખોરાસાન=એ તાર્તરીમાં શહેર છે.
સાહસિક (સં) જોખમ ખેડનાર, હિંમતવાન.
અવલોકન (સ) બરાબર તપાસીને જોવું.
આજમાયેશ=અડસટ્ટો.

ઓલાદ (આ) વંશજ.
દ્રવ્ય (સ) પૈસો.
અચલ=કાયમ.
કબ્રિસ્તાન=આખીસીનીઆ.
સહન (સં) ખમવું, વેઠવું.
નિર્ભય (સં) બીક વગરનું.
ક્ષીણતા=ઘસારો.
અળગાપણું=અલગપણું, જુદાપણું.
તત્ત્વ (સં) મૂળ.
ફરજંદ=સંતાન, છોકરૂં.
આરામ (ફા) ચેન, સુખ.
વિરોધીમેળાપ=સામો મેળાપ.
સંપત્તિ (સ) દોલત.
સમૃદ્ધિ (સં) પૈસો.
માગણી=માગવું તે, ઉઘરાણી.
સમદૃષ્ટિ=બરાબર નજર.
સૂર (સં) અવાજ.
દર્શાવવું=બતાવવું.
ભાવાર્થ (સં) મતલબ.
સંમતિ (સં) એકના મતના સાથે બીજાએ મળતા આવવું તે.
વ્યવસ્થાવાળું=ગોઠવણવાળું.
પદાર્થ=વસ્તુ.
વાજીંત્ર=વાજાં.
વૃત્તિ (સં) ઇચ્છા.

---(০*০)---

પ્રકરણ. ૮.

વિભાગ (સં) ભાગનો ભાગ.
ગુજરાન (ફા) ભરણપોષણ.
નિરંતર (સં) હમેશ.
ફાયદાકારક=લાભકારક.
છૂટ=પરવાનગી.
પસંદ=પાસ
વ્યર્થ (સં) નકામું.
આધાર (સં) ટેકો, આશરો. મદદ.
આફત (આ) આપત્તિ કુદરતી કોપ.
પોઢી=પોઢીઓ.
ફેરફાર=રદ બદલી.
બચાવ=ખર્ચ થોડો થતાં છેલ્લે જે ફાયદો રહે તે.
સાધન (સં) સાહિત્ય.
કાનૂન (આ) કાયદો, ધારો.
સાવચેતી=જાગૃતિ, હોંશીયારી.
જામવું=પ્રગટ થવું, એકઠું થવું.
મુડી=પુંજી, ગર્થ.
શાન્તી (સં) ગરબડ વગરની સ્થિતિ.
પુષ્ટિ (સ) મદદ. ઉત્તેજન.
કોલર=મૈસુરમાં સોનું જડતું હતું તે, જગ્યા.
કસબી=કારીગર, હુન્નરી.
અનિશ્ચિત=(નિશ્ચય વગરનું.
રોજી=રોજની આવક, ગૂજરાન.
સિન્કોના (ઇં) એક જાતની ઇંગ્રેજી દવાનું નામ છે.
કુદરતી=સ્વાભાવિક.
પ્રેસીડેન્સી (ઇં) ઇલાકો.

પ્રેસીડેન્સી એસોસીએશન (ઇં) ઇલ્લાકેદાર સભા.
માનપત્ર (સં) વખાણ પત્ર.
ટકા=ભાગ.
ફાલેલો=પ્રસરેલો, ફેલાએલો.
ઘરાક=ગ્રાહક.
ખિલવવું, પ્રફુલીત કરવું.
સંધાવવું=જોડાવવું.
આણ=હુકમ, દુવાઈ.
સંબંધ (સં) મેળાપ.
પહેલવારકું=પ્રથમજ, પહેલી વખત.
ભાન=સમજણ.
ઇરાદો (ફા) વિચાર.
પૈકી=માંથી.
ગુંથાએલું=બળગેલું.
આડકતરી=બીજી, જે હોય તે નહિ પણ બીજી.
નિર્વાહ (સં) ગુજરાન.
મોસમ=ઋતુ, ફસલ.
સુકવણું=વરસાદ પુરો નહિ પડવાથી ખેતરનું વાવેતર, ચારો [વગેરે સુકાઇ જાય તે.
વહિવટ=પદ્ધતિ, રીવાજ.
મજૂરીઆત=મહેનતુ.
ખુલ્લું=ઉઘાડું.
સાહસ (સં) એકાદું કામ કરવામાં જીવને હાની થાય તેવું [કામ કરવા હામ ભીડવી તે.
સિંગરેણી=એમાં કોયલાની ખાણો છે.
ટન (ઇં) માપનું નામ છે. અને તેનું વજન ૫૪ ૪/૯ મણ.
ઉઠાવ=ઉપાડ.
કુશળ (સં) પ્રવિણ.
વળતર=પાછું મળવું તે.

મુસારો (આ) પગાર.
બસ (ફા) પૂરું, થયું હવે, ઘણું, પુષ્કળ.
ઇરાની ગુલાબ=ગુલાબની જાત છે.
વાડીવાળા=બાગ બનાવનાર.
ખૂન=કાશી, ચાહ.
અખતરો (ફા) પ્રયોગ.
કાયમ=મુકરર. [ટેમ્પરરી.
હંગામી (ફા) કામ હોય તેટલા દિવસ નોકરીમાં રાખેલા નોકર,
ચમત્કાર (સં) નવાઇ.
સતરૂ=સતરાઉ.
સદી=સૈકું.
ખોવાય=ખપ વધે.
પંક્તિ (સં) હાર, જથ્થો, સમુહ.
ગણતરી=ગણના.
બહોળી=વધારે.
સ્પષ્ટ (સં) ખુલ્લું.
જાગૃતિ (સં) હુશિયારી.
મૂડીદાર=પૈસા રોકનાર.
મુકાબલો-હિસાબ, સરખામણી.
લેખું=હિસાબ.
કુનેહમંદ=હોશીયાર.
બારીષ્ટર (ઇં) મોટો વકીલ.
વકીલાત (આ) વકીલનું કામ.
લોકપ્રિય=લોકને વહાલું.
ખાનગી (ફા) જાહેર નહિ તે.
સંતોષ (સં) નિરાંત રાખવી, ધીરજ.
પેઢીઓ=શરાફની દુકાન.

શેર (ઈં) ભાગ, હિસ્સો.

મોહ (સં) પરવશ પડવું તે.

તક=વખત, વારો.

મોભો=દરજ્જો, ભારઓજ, વજન, માન.

ભપકો=દાકદમાક, ઠાઠમાઠ, જાહોજલાલી.

દસ્તુરી (હિંદી) હકસાઈ, સુખડી.

માનવંતી=માનવાળી. [કરવી તે.

પડાપડી=સરસાઈ, સ્પર્ધા, ઉપરા ઉપરી, ચડસા ચડસી, માગણી

સખ્ત=ઘણું.

જુજ=થોડું.

યુરેશીયન=હાફકાસ્ટ.

ખ્યાલ (ફા) ખુબી, વિચાર.

લાભકારક=ફાયદો કરનાર.

ચોખ્ખો=નફરો.

અપવાદ (સં) બાધ.

ડેમેરારા }
સુરીનામ } અમેરીકામાં ભાગ છે.

કમાણી=કમાઈ.

પટો=પરવાનો, સનંદ.

કરાર=સરત, કોલ.

સુલેહ=સલાહ શાન્તિનો, નીતિનો.

અકસ્માત (સં) એકાએક, સ્વાભાવિક, અચાનસે.

વિસ્તાર (સં) ફેલાવો.

રાજ્યનીતિ (સં) રાજકારભાર.

પ્રકરણ ૯ મું.

ફરજ=કર્ત્તવ્ય.

સીમાડો (સં) સીમા, હદ.

સમાધાની (સં) નિરાંત.

ખુશ્કી=જમીન માર્ગનું.

ગેરબંદોબસ્ત (ફા) બંદોબસ્ત વગરનું.

અડચણ=હરકત.

કોશિસ=બનતો ઇલાજ, તજવીજ, યત્ન, મહેનત.

ઢીલી=નરમ.

સમૃદ્ધિ (સં) દોલત.

રખડી=રઝળી, રવડી.

સંગ્રહ (સં) એકઠું.

ફિસાદ (આ) બંડ, દગો, હુલ્લડ, તોફાન, ફિતુર.

પોષણ (સં) પુષ્ટિ.

વિપત્તિ (સં) દુઃખ, વેદના, દરદ, ઇજત.

મુસાફર (આ) સફર કરનાર, પ્રવાસી.

ટહુ=નાનું ઘોડું.

આગમચ=પહેલાં, અવલ.

દેખાવ=કોઇ વસ્તુનો નજરે પડતો રંગાકાર તે.

પાક (સં) નીપજ.

વફાદાર=નિમકહલાલ.

પ્રાચીન (સ)) પહેલાંનું, જુના કાળનું.

શોધ=તપાસ.

નામાંકિત=પ્રખ્યાત.

રસીક (સ) રસવાળું, છટાવાળું, સારી ઢંગઢબવાળું.

ભાષણ (સં, એકાદો વિષય કહી સંભળાવવો તે.

વીરરસકાવ્ય (સં) જેમાં વીર પુરૂષોનું વર્ણન હોય તેવી કવિતા.

૧ વેદ (સં) આર્ય લોકોમાં અનાદિ મૂળ ધર્મ જેમાં છે તે પુસ્તક.
ઋચા (સં) મંત્રનો એક ભાગ.
સ્તંભ (સં) થાંભલો.
લેખ=દસ્તાવેજ, ખત.
ગુફા=પહાડમાં પોલાણ હોય તે.
કોતર=કોતરણી.
ગીત (સં) રાગમાં સમાતાં પદ.
છવાવું=પથરાવું.
જાદવાસ્થળી=મોટી લડાઈ.
ભોગવવું=વેઠવું, ખમવું.
શેષ (સં) બાકી વધેલું.
શૂરવીર=બહાદુર.
હુમલા=હલ્લા, ચડાઈ.
ભવિષ્ય (સં) આવવાનો કાળ.
નૌકાપતિ (સં) વહાણનો ઉપરી.
(સર (ફા) તાબે.
સલાહકાર=સલાહ આપનાર.
જય (સં) જીત.
ઘવાવું=ઘાયલ થવું.
તૂટી=ભાગી.
પંડે=જાતે.
ચાંચીઆ=વહાણના લૂટારૂ.
કાફલો (આ) સમુદાય, સંઘ, જથો.
ગર્વ (સં) અહંકાર, અભિમાન.
ખલાશી (આ) ખારવા, વહાણવટી.
નૌકા (સં) વહાણ.

પેનીન્સુલર=કંપનીનું નામ.
તાલીમ (ફા) અભ્યાસ.
ઉત્તમપણું=શ્રેષ્ઠપણું.
સાબિત (આ) સિદ્ધ.
એન્કરલાઇન=કંપનીનું નામ.
ચોકી=રખવાળી.
કદ (આ) મોટાઇ, આકાર, ઘાટ.
વાવટાવાળાં=નિશાન કે ધજાવાળાં.
બખતર (ફા) કવચ.
નળિકા (સં) નાળ.
મુકાબલો (ફા) સરખામણી.
પાદશાહી=પાદશાહનાં.
બોરકસ (ફા) વહાણ, ઝાઝ.
તખ્તવાળું (આ) માળવાળું.
ભરતીવાળી=જેમાં દરિઆનું પાણી છ કલાકે ચઢતું હોયતેવી.
માપણી=મોજણી, માપવું તે.
ટર્કી=તુર્કસ્તાન.
વ્યર્થ (સં) નકામું.
સરંજામ (ફા) સામગ્રી.
બેસુમાર=વધારે.
કાબૂ (આ) અખત્યાર, હાક.
બીનકવાયદી=લડાઇની કળા શિખ્યા વગરનું.
યોગ (સં) મેળાપ.
કવાયદ (આ) કસરત, ડ્રીલ.
રૂઇએ=થકી, વડે, યોગે.
કરાર (આ) કબૂલત, વચન.
સુવ્યવસ્થિત (સં) સારી ગોઠવણ વાળું.

રણસંગ્રામ (સં) યુદ્ધ.

આગેવાન=મુખ્ય, અગ્રેસર.

પલટણ (હિંદી) લશ્કરનો જૂદો પાડેલો ભાગ.

સલાહ=કોલકરાર.

અસવાર=અલવડ.

વૉલન્ટિયર (ઈં) રાજી ખુશીથી સિપાહગીરી કરનાર.

કમી=ઓછું.

જોગવાઈ=ટાંકણું, અવસર, તક, અનુકુળ વખત.

વગ=સવડ, જગો.

લાયકાત=યોગ્યતા.

સેનાધિપતિ (સં) સેનાનો ઉપરી.

હાકેમ=સૂબો.

અમલ=સત્તા, અખત્યાર.

ખાલસા પોતાને કબજે.

ખાઉપાડુ=એકદમ પસારો કરનાર.

દફુકા=દંડો.

બેશક (ફા) ખાત્રીથી.

ખાસ=નક્કી.

ટેકો=મદદ.

ફરજ=ધર્મ, કર્તવ્ય.

તરફેણ=પક્ષ.

સત્તાધારી=સત્તાધીશ, અમલદાર.

કાંતો=અગર, અથવા.

જબરજસ્તી=જોરાવરી.

દબાણ=દાબ.

સમાધાની=નિરાંત.

છંછેરવું=વકારવું.

સખતાઇ=જરપ, બળાત્કાર.
વહોરી લેવું=માથેલેવું.
પીઠ=પુઠ. [વે છે તે.
કારતુસ (ઇ) ચામડાની પેટીમાં જે દારૂગોળી રાખવામાં આ-
હકૂમત=સત્તા.
હાલચાલ=તત્ત્વ.
પ્રમાણ (સં) માપ.
ગુન્હેગાર=અપરાધી.
અમુક=ચોકસ, ઠેરવેલું.
બંદોબસ્ત (ફા) ગોઠવણ, તજવીજ. વ્યવસ્થા.
વાજબી (આ) ઘટારત, યોગ્ય, ખરૂં, લાયક.
નાનીસૂની=જેવીતેવી.
લક્ષણ (સં) ટેવ, સ્વભાવ.
ધર્મમત (સં) ધર્મનું એકપણું.
લાગણી=અસર.
દુઃખવવું=દુભાવવું, નડવું, કનડવું, દુઃખદેવું.
વલણ=વૃત્તિ, વિચાર, ઇચ્છા.
વર્તમાનપત્ર (સં) ખબર પત્ર.
ગપ્પ=ખોટા સમાચર, અપોળું.
સંભવ. (સં) વખત.
કાયદાસર=કાયદા પ્રમાણે.
નિમાયલા=ગોઠવેલા.
લાંચ=રૂશવત.
લલચાવવું=લોભાવવું.
ગફલત=ભૂલચૂક, બેપરવાઇ.
નાબૂદ (ફા) નાપાસ, તોડીપાડવું.
બરતી=ભરાવો, એકઠું.

વખોડવું=નિંદવું.
લાગણી=ઇચ્છા.
બગાડ=નુકશાન.
ખામી=ખોડ, કસુર.
દેશબંધુ=દેશમાં રહેનાર ભાઈ.
પાત્ર (સં) લાયક.
વર્ત્તણુંક (સં) ચાલચલગત.
નાપુદ (ફા) નાપસંદ.
ધપકો=ધમકી.

પ્રકરણ ૧૦ મું.

આરોગ્યતા (સં) નિરોગીપણું, તનદુરસ્તી.
ચાળણી=ડાહી, ઠરેલ.
આધાર=ટેકો.
હિન્દી=હિંદુસ્તાનનું.
યુદ્ધકળા (સં) લડવાની કળા.
તાલીમ (ફા) કસરત.
આબાદ (ફા) સુખી, તાજું ચઢીઆતું.
પસંદ (ફા) પાસ, સ્વિકારવું.
પ્રસંગ (સં) વખત.
ફોડી=તોડી.
સુરંગ=પથ્થર ફોડવાને અથવા શત્રુનો નાશ કરવાને જમીનમાં ખાડો ખોદી દારૂ ભરી ઉડાડવામાં આવે છે તે.
ફતેહ (ફા) જીત, બહાદુરી.
દર્શાવવું=દેખાડવું.
પ્રવાહ (સ) રેલો, અસર.
ગાફલપણું (આ) અસાવધપણું.

સ્પર્શ (સં) અડકવું.
બીન હરકત=હરકત વગર, વગર અડચણે.
સંભવ (સં) વખત.
દિવાલ=ભીંત.
સંહાર (સં) નાશ, મારવું તે.
અજ્ઞાન (સં) અસમજ.
ઇજા=હરકત.
દરદ=દુઃખ.
પ્રસરવુ=ફેલાવવું.
વાંક=ગુન્હો.
સંકટ=દુઃખ, હરકત.
સાવચેતી=સંભાળ.
ધાર્મિક (સં) ધર્મ ઉપર નિષ્ઠા રાખનાર.
દોષ=વાંક, દુર્ગુણ.
અનાદર (સં) અભાવ.
જંતુ=જીવડાં.
અસલ=પહેલાંનું.
આર્ય (સં) સુધરેલા.
શુદ્ધિ (સં) સ્વચ્છતા, સુઘડતાઇ, ચોખ્ખાઇ.
સ્વભાવ (સં) લક્ષણ, પ્રકૃતિ.
સૂક્ષ્મદર્શક (સં) ઝીણાને દેખાડનાર.
મહામારી=શીતળા.
પ્રાણઘાતક (સં) જીવલેનાર.
હયાતી (આ) હોવાપણું.
કબૂલ=સ્વીકાર.
નિર્દયપણું=ઘાતકીપણું.
ઘા=જખમ.

દિવાલ=ભીંત.

શસ્ત્ર (સં) હથીઆર.

રદ=નામંજૂર.

આરોગ્ય (સં) તનદુરસ્ત.

વૈદકશાસ્ત્ર (સં) વૈદુ બતાવનાર શાસ્ત્ર.

હિતકારી=ફાયદાકારી.

નિવડયા=નીપજ્યા.

સવડ=સગવડ.

કસૂર=ભૂલ.

ઘાયલ=જખમી.

સારવાર=સેવાચાકરી.

નકલ (આ) એક જોઇને બીજું તેવું કરવું તે, કોપી.

હજુ=હાલ.

અતિશય=વધારે.

દાખલ (આ) હાજર, પ્રવેશ કરેલા.

આખર=છેવટની.

અવસ્થા (સં) હાલત.

લદીઆ=પાળીઆ, ત્રીભુટ.

ખુદ (ફા) પોતે, એકલો.

અણુવિશ્વાસ=ભરૂસા વગરનું.

પ્રમાણ (સ) માપ.

છુટ=રજા, પરવાનગી.

સંતોષકારક=સતોષ પમાડનાર.

દરમ્યાન (ફા) વચમાં, તેમાં.

મોજ=શોખ.

પથ્ય (સં) કરી, પરહેજી.

સ્વભાવિક (સ) કુદરતી,

ઓઝલ=પડદો.
વિરુદ્ધ=ઉલટું.
ત્રાસ=બીક.
પત્ની (સં) સ્ત્રી.
યોજના=પ્રયાસ.
સવાલ=પ્રશ્ન.
લેડીડફ્રીન=વાઈસરૉય ડફ્રીનની લેડી. (=સ્ત્રી.)
માવજત=ચાકરી.
ફતેહમંદ (આ) જયવાળું, વિજયી.
સૂચના (સં) ભાષણ, કહેલી બાબત.
અજમાયેશ=અડસટ્ટો.
દયાપાત્ર=દયાને લાયક.
ધાણ=ખરાબી, બગાડ.
અસર=ચેપ.
ઘસડી=તાણી.
શીતળા=શીળી, કાકાબળીઆ,
બળીઆ=શીતળા, શીળી, સહીઆડ.
નાબૂદ (ફા) નાશ.
આશા (સં) ઉમેદ, ઇચ્છા.
સાદા=સરળ.
રક્ષક (સં) રક્ષણ કરનાર.
મંડળ=મંડળી, જથો.
ઉત્તમ(સં)શ્રેષ્ઠ.
અસર=ચેપ, લાગણી.
તગી=તાણુ.
બાથ=ટકર લેવી, સામા થવું તે.
અશક્ત (સં) જોર વગરનું, નિર્બળ.

નિરાધાર (સં) આધાર વગર.
આશ્રય (સં) મદદ.
સંપૂર્ણ (સં) પુરેપુરો.
શક્તિ (સં) જોર.
મના (આ) ના, અટકાવ, પ્રતિબંધ.
સમૂળગું=બીલકુલ.
ઉપદ્રવ (સં) ઇજા, દુઃખ, વેદના.
અટકાવ=આંતરવું તે.
વાયુચક્રખાતું=વાયુ ઉપરથી વર્તારો કરનાર ખાતું.
વર્તારા=અટકળ.
મુકરર=ચોકસ.
અનૂકુળ=માફક.
જાળવણી=સાચવણી.
આકર્ષણ (સં) ખેંચાણ.
ધોકકો=નુકસાન.
મોંઘવારી=મોંઘુ મળતું હોય તે વખત.
મનાઈ (આ) અટકાવ, પ્રતિબંધ, મના.
પ્રસંગ (સં) દાવ, વખત, તક, લાગ, જોગ.
હાનિકારક=નુકસાનકારક.
સ્વાર્થ (સં) મતલબ.
ખાતર=માટે, કાજે, વાસ્તે, લીધે, સારૂં.
ભાવ=નીરખ.
આશ્રય (સં) મદદ, ટેકો, આધાર.
અજમાયશી=અડસટ્ટો કરેલો.
મૂળતત્વ=ખરૂં મૂળ, મૂળપાયો,
કઠોરપણુ=નિર્દયપણું.
સ્વમાન (સં) પોતાનું માન.

સમવાય=જળવાય.
વૃત્તિ (સં) નજર, વલણ.
મુલતવી (આ) બાકી, આગળ ઉપર રાખેલું.
નિર્વાહ (સ) ગુજરાન.
વળતર=પાછું મળવું તે.
ગાંઠીઓતાવ=પ્લેગ.
પાયમાલી=નાશ.
જામી=ઠરી.
ખુવારી (ફા) બિગાડ, નુકસાન, દુઃખ.
તાબડતોબ=તરત.
ત્રાસ=કમકમાટ.
સ્વાહા (સં) ભસ્મ કરી નાંખવું તે.
ચેપ=અસર, લાગણી, એક રોગ અડકવાથી બીજાને થાય તે.
માર્કીટ (ઇં) જાહેર બજાર.

પ્રકરણ ૧૧ મું.

ખજાનો=ભંડાર.
સરાફીપેઢી=શાહુકારની દુકાન.
અનુભવ (સં) મહાવરો.
ગૂંચવણ=ગોટાળો.
મુશ્કેલ=અવરું.
ગેઝીટ (ઇં) ન્યુસપેપર.
હવાલો=કબજો.
સાર્વજનિક (સં) બધા માણસનું.
વસૂલ (આ) જમે, આવક.
માગણી=ઉઘરાણી, લેવા આવવું તે.
જમાબંધી=દર વરસે દર વિધે ખેડુત પાસેથી લેવાનો આંકડો.

હકકદાર=હકવાળો.
સ્વાધિન (સં) પોતાને તાબે.
થાપણ=લોકોના પૈસા જમાં આવેલા તે.
નોટો (ઇં) નાણાં બદલ ચાલતો સરકારી મહોર છાપનો કાગળ.
વિશાળ=મોટા.
બજેટ (ઇં) અંદાજપત્રથી વરસનો આંકડો.
અડસટ્ટા=અટકળ.
અંજમાયેશ=અટકળ.
સરવૈયું=એકંદર આંકડો.
જાગવું=પ્રગટ થવું.
કિંવા=અથવા.
કમી=ઓછો.
તિજોરી (આ) જામદારખાનું, નાણાં રાખવાની લોઢાની પેટી.
મહારાજ્ય (સં) મોટું રાજ્ય.
હપતો (ફા) હાંધુ, ક્કડે ઠરાવેલી રકમ ભરવાનો વખત, ટપ્પો.
સંજ્ઞા (સં) જે શબ્દથી કોઈ ચિજ ઓળખાય તે, સાન, ઇસારત.
આડકતરા=બીજા, જે હોય તે નહિ પણ બીજા.
સીધા=હોય તેને તેજ, બીજા નહિ તેવા. [જકાત.
દાણ=માલ ઉપર સરકાર તરફથી લેવાતું લવાજમ, કર, વેરો,
ઉઘરાત=વસુલ.
મનસ્વી (સં) મનગમતું.
ભરણું=પોતું, સરકારને ત્યાં નાણું પહોંચાડવું તે.
ઉઘરાતદાર=ઉઘરાવનાર, એકઠું કરનાર.
નાંબદલો=નામ ફેરફારી.
રહેઠાણ=જગ્યા.
ઉચાપત=ગળપ.
ટીપ=યાદી.

અચરત=અચંબો, છક.
વગ=સિફારસ, વસીલો.
પ્રમાણ (સં) માપ.
ખાસ=મુદ્દામ, મુકરર.
નસીબદાર=ભાગ્યશાળી.
અસાધારણ=સાધારણ નહિ તે, અસામાન્ય.
રૂપ=આકાર.
વિગત=હકીકત, તપસીલ.
ખંડણી=તાબેદારી અથવા સહાય માટે નાના રાજાએ મોટા રાજાને ત્યાં પૈસા આપવા તે.
ટંકશાળ=નાણાં પાડવાનું કારખાનું.
મુલકી=મુલક સંબંધી.
પેન્શન (ઈં) ઘરડા નોકરોનાં લવાજમ.
ઉતારૂ=ઉતરનાર.
ખુલાસો=નિકાલ, ફોડ.
સાંથ=ગણોતે જમીન ખેડવા આપી જે રૂપીઆ લેવાના હોય તે.
ખાનગી=જાહેર નહિ તે.
સ્પર્ધા=ચડસાચડસી.
ગણોતીઓ=સાંથે રાખનાર.
વાપર=વપરાટ.
ફી (ઈં) હકના રૂપીઆ.
પોષણ (સં) ગુજરાન.
આધાર (સં) ટેકો, નિભાવ.
આફત=હરકત, દુઃખ
સલામત (આ) કુશળ, સાજાતાજા.
વિવેચન=વર્ણન.
વટાવ (હિં) ખોટને બદલે કંઈ રકમ.

કુચ્ચા=દેવું.
સોલજર (ઈ) લડવૈયા.
છત=સીલક.
ભાવ=નિરખ, દર.
સરેશસ=સરાસરી.
ઝૂની=જોરસદાર.
લડાયક=લડવૈયા.
કરાર=કોલ, તહ.
સરહદ=સીમાડો.
હદ=સીમા.
અણધાર્યો=ધારેલો નહિ તેવો, અણચિંત્યો.
ભાવ=દર, નીરખ.
અસર=લાગણી.
નિવારણ (સં) દૂર કરવું તે.
વિમો=આટલી મુદતમાં એકાદિ આફતથી નુકશાન થાય તો આટલું તે ભરી આપવું અને તેના બદલામાં સેંકડે અમુક હકસાઇ લેવી તે.
અમુક=ચોકસ, મુકરર.
ભંડોળ=મૂડી, ફંડ.
નફો=ફાયદો.
તાણ=તંગાશ.
અગત્ય=જરૂર.
ફંડ=ભંડોળ.
મુસારો=પગાર.
સખાવત (આ) ઉદારતા, મોતાજપણું.
ખાધ=નુકશાન, ખોટ.
લડત=લડાઈ, યુદ્ધ.

સમર્થ (સ) બળવાન.
મતલબ=અર્થ.
સરવૈયું=એકંદર આંકડો.
બોજો=ભાર.
વાસ્તવિક=ખરેખરૂં.
પૈકી=માંથી.
બારીકી=ઝીણાઈ.
વિગત=તપસીલ.
આડકતરૂં=બીજું, સીધું નહિ તે.
રૈયત=પ્રજા.
સ્થિતિ (સં) હાલત.
મુકાબલો (આ) સરખામણી.
ખર્ચ=વ્યય.
જુમલે (ફા) કુલ.
લક્ષ=ધ્યાન.
સાદો=સરળ.
સ્પષ્ટ (સં) ખુલ્લું.
બાંધકામખાતુ=ઇજનેર ખાતું.
મહેનતાણું=મજુરી બદલ પૈસા.
સામાન્ય=સાધારણ. સાર્વજનિક.
બચાવ=રક્ષણ.
સાખ=સાવકારી.
સમાસ (સં) સમાવેશ, ગોઠવણ.
વર્ષાસન (સં) વરસ દહાડે આપવાની રકમ તે.
ખ્યાલ=વિચાર, ભાસ.
હોમચાર્જીસ (ઇં) એક દેશ માટે બીજા દેશે કરેલો ખર્ચ.
અજાયબ (આ) નવાઇ, અચંબો.

ગેરસમજુતી=ખોટી સમજણ.

વસાયત=વસ્તી.

આડતીઓ=દલાલ, એજંટ. મારફતીઓ

ઉધ્ધીતી=ઉધ્ધીની.

ધર્લો (ઇં) રજાનો પ્રકાર છે.

પડતી=નઠારી દશા.

આબાદી (આ) ચડતી.

અચુક=નકી, ખરેખર.

નાદાર=દેવાળીઓ, ડાહ્યો નહિ તે.

વકી=સંભવ.

તંગ=ખરાબ, સખત.

અચકાવવું=ખમચાવવું.

તવંગર=પૈસાદાર.

જોખમ=નુકશાન.

દેવું=કરજ.

સમૃદ્ધિ (સં) પૈસો.

સાબિતિ=પુરાવો.

ચિન્હ=નિશાની.

વર્ણન (સં) હકીકત.

પ્રકરણ ૧૨ મું.

લાભ (સ) ફાયદો.

પસંદગી (ફા) ચુંટી કાઢવું તે.

ગૃહસ્થ (સ) પૈસાદાર.

મુસાફરી (આ) સફર. એક દેશથી બીજે દેશ જવું આવવું તે.

પુલ=રેલ.

અમલદાર (આ) કામદાર, હોદ્દેદાર.
વકીલ (આ) એલચી, ઇન્સાફની કોર્ટમાં સવાલ જવાબ કર
રવાને ફરીઆદીએ ઠેરવેલો મુખત્યાર.
ખાતુ=કામકાજની વહેંચણના ભાગ તે.
ચર્ચા (સ) સારી પેઠે વાત ચાલવી તે.
પ્રશ્ન (સં) સવાલ.
પદ્ધતિ (સ) રીત, ઢબ.
જાહેર (આ) ઉઘાડું. ખુલ્લું.
ખાસ (આ) ઘણું કરીને.
અભિપ્રાય=વિચાર, મત. [સર્વે વિદ્યા ઉત્તેજકાલય.
યુનિવર્સિટિ (ઇં) આખા દેશના લાભ માટે પંડિતોની સભા,
પાઠશાળા (સં) ભાષા સંબંધીની ઉંચી પંક્તિની શાળા.
ન્યાય (સં) ઇન્સાફ.
બક્ષિસ=ઇનામ.
જવાબ (ફા) ઉત્તર.
બળાવો=બંડ, ફિસાદ, તોફાન.
રોકાવું=ગૂંથાવું.
સ્થાપવું=સ્થાપન કરવું, ઉત્પન્ન કરવું તે.
અવકાશ (સં) વખત.
સંજોગ (સં૰ સંયોગ) બનાવ
ધ્યાન (સ) લક્ષ.
માન (સં) મોટાઇ, પ્રતિષ્ઠા.
હાઇકોર્ટ (ઇં) મોટી અદાલત.
અમલ (આ) બજાવણી.
આધાર (સ) આશરો, સહાયતા.
રાજ્યનીતિ (સં) રાજ્યકારભાર ચલાવવાની વિદ્યા.
વિરૂદ્ધ (સં) ઉલટું.

અનાદર (સ) અપમાન, અભાવ, અપ્રીતિ.
વિચિત્ર (સ) અજાયબ, અચરતી ભરેલું.
ભાન (સ) સમજણ.
પાટા=રેલ.
પસાર=પાર જવું. ફેલાવવું.
ક્રેન
સલેપાટા } રેલવેમાં વપરાતો સામાન.
હવાલો=તાબો, કબજો.
ઇજનેર (ઇં) હિસાબ, સંચા અને નકશા સંબંધી માહીતીવાળો.
તદબીર (આ) ત્રેવડ, યુક્તિ, તજવીજ.
વાકેફ (આ) માહીતગાર, પ્રવીણ.
સમારવું=દુરસ્ત કરવું, સુધારવું.
લાયક (ફા) યોગ્ય, ઘટીત.
ફરજ=કર્તવ્ય, ધર્મ કામ.
બજાવવું=અમલમાં લાવવું તે.
વ્યુત્પત્તિ (સ) વ્યાકરણજ્ઞાને અર્થ કરી જાણવાની શક્તિ.
એડયુકેશન (ઇં) બહાર લાવવું તે.
ઉમદા (આ) ઉત્તમ, શ્રેષ્ઠ.
લાગણી=જ્ઞાન, માનસિક શક્તિ.
દાઝ=દયા.
અદા (આ) બજાવવું.
બુજાવનારી=ઓલવનારી.
પલટણ=પાયદળ લશ્કરની ટૂકડી.
ગીરચ=સજડ.
પ્રકરણ (સં) ભાગ, સર્ગ, બાબ.
ગોહ=ગુંપા.
ખુવારી (ફા) નાશ.

હેવાલ=હકીકત, ખીના.
સાવચેતી=સાવધપણું, જાગૃતિ.
તંગાસ=તાણ, અછત.
અત્ર (સં) અહિં.
ઇસ્પીતાલ (ઇં) મદદ દવા આપવાનું ઠેકાણું.
દવાખાનું=દવા મળવાનું ઠેકાણું.
ગોઠવણ=વ્યવસ્થા.
ગૌશિતળા=બળીઆકાકા, શીળી.
ફંડ=ભંડોળ.
જવાબ (ફા) ઉત્તર.
મૂડી=ભંડોળ.
મીલ (ઇં) સંચા.
કોશીશ=પ્રયત્ન.
ઉત્તેજન=ઇનામ (કોઇ કામ કરવાને સારૂ મદદ કરવી તે.)
વિષય (સં) બાબત. [ઉપર મોકલનારી કચેરી.
પોસ્ટઓફીસ (ઇં) સંદેશા (કાગળ) અને પૈસા એક બીજા
સેવિંગબેંક (ઇં) બચાવેલાં નાણાં થાપણ મૂકવાની પેઢી.
થાપણ=જમાં મૂકવું તે.
જમાં (આ) આવકને જમે બાજૂ લખવી.
પેઢી=શરાફની દુકાન. [જે નાણું ધીરવું તે.
તગાવી (આ. તકાવી) ખેડુતને સરકારે ખત લખાવી લઇ
તોડ=નિકાલ, ફડચો.
દર=ભાવ.
પ્રયોગ (સં) અજમાએસ.
દીવાની (ફા) લેણદેણ સંબંધી.
કોરટ (ઇં) અદાલત, કચેરી, ન્યાય મંદિર, દરબાર.
નાદારી (ફા) ગરીબાઈ, જેની પાસે કંઇ નથી તેવી હાલત.

બેદરકાર=દરકાર વગર.

બસ (ફા) પૂરૂં, થયું હવે.

ગફલત (આ) ભૂલ, ચૂક, બે પરવાઇ.

ધડો=નિશ્ચયપણું, દઢતા.

સાધન (સં) સાહિત્ય.

જાહેર=ઉઘાડો, ખુલ્લો, પબ્લિક.

હેતુ=મતલબ, ઉદ્દેશ.

પસંદ=પાસ.

સ્થાનિક (સં) ઠેકાણાનું.

છાવણી=લશ્કરનો મોટો કેંપ.

આવક=આવદાની.

સ્વરાજ્ય (સં) પોતાનું રાજ્ય.

શિક્ષણ (સં) શિખવવાનું.

નસીબ=ભાગ્ય.

મુક્ત (સં) છૂટા.

શિક્ષા (સં) સજા.

નિષ્પક્ષપાત (સં) પક્ષ વગરનું.

ન્યાયાધિશ (સં) ન્યાયથી ઇનસાફ કરનાર.

અપિલ (ઈં) નીચલી કોર્ટના ફેસલાથી નારાજ થઇ ઉપલી કોર્ટને અરજ કરવી તે. [ઇન્સાફ તે.

મુકરદમો (આ૦ મુકદ્દમો) કોરટમાં ચાલેલો અમુક કામનો દાવો (આ) ફર્યાદ.

તપાસ (આ) તજવીજ.

પક્ષકાર (સં) તરફેણવાળા.

નાહોમતદારો=ગુન્હેગારો.

દોસ્તદાર=બાઇબંધ.

ચોકુબંધ=જથાબંધ

શાહી=સાહેબ.
આસેસરો=અદાલતના સભાસદો.
પંડે=પોતે, જાતે.
જમાત (આ) ન્યાત.
બેઢંગ=ઢંગ વગરનો, માલ વગરનો.
આડો=આડકતરો.
પૂરાવો=જૂબાની.
અસર=લાગણી.
ઉત્તમ (સં) સારૂં.
સંયુક્ત (સં) જોડાએલું.
અસરકારક=લાગણી કરનાર.
બોધ (સં) શિખામણ.
કલ્પના=વિચાર.
શિલ્પી (સં) ઈજનેરી.
ખંડેર=ભાગેલાં ઘર.
આરસ=સુંવાળો પથર.
ઉમદા=ઉંચા.
ગોદી=વહાણ બાંધવા સમારવાનું ઠેકાણું.
શંકા (સં) વહેમ.
ઉત્પાદક (સં) ઉત્પન્ન કરનાર.
વિદ્યા મંદિર (સં) વિદ્યાલય, નિશાળ, વિદ્યા સંપાદન.
ન્યાય મંદીર (સં) ન્યાય મેળવવાનું ઠેકાણું.
મર્મ=ભેદ.
કુશળ=પ્રવીણ.
કારીગર=ઝીણું કામ જાણનાર.
ઇજનેર (ઇં) શીલ્પનું કામ જાણનાર.
શણગારવું=શોભાવવું.

રસમ=ઘણા કાળથી ચાલતી આવેલી સંસારી રીતભાત.
ઢબ=રીત, છટા, તરેહ.
આખરે=અંતે.
શરૂ=આરંભ.
મંજૂરી (આ) પરવાનગી, કબૂલાત.
મૂડી=રકમ, દ્રવ્ય.
કમાણી=કમાઇ.
માલકી=ધણીપણું.
બાંહ્યધરી=જામીનગીરી.
કારીગરી=શીલ્પી.
અકસ્માત (સં) એકાએક, અણચિંતું.
અગમચેતી=આગળથી ચેતવાની શક્તિ.
મુસાફર=વહાણ કે ગાડીમાં બેસી એક ઠેકાણેથી બીજે ઠેકાણે જનાર આવનાર માણસ.
નિયમીતપણું=મુકરરપણું.
સકારણ=કારણ સહિત.
આમદાની (ફા) આવક, પેદાસ.
નિભાવવું=ચલાવવું.
શાખા (સં) ફાંટો.
બંધીખાનું=કેદખાનું
સંગ્રહસ્થાન (સં) જે ઠેકાણે દેશ દેશના જૂદી જૂદી જાતના પદાર્થો એકઠા કરી રાખવામાં આવ્યા હોય તે.
દીપાવવું=શોભાવવું.
ભવ્ય (સં) પ્રૌઢ સુંદર, ઘણું સરસ, રમણીય.
સહીસલામત (આ) વગર અડચણે.
મનીઓર્ડર (ઈં) નામજોગી હુંડી.
બીડદી=પાકીટ.

ડિક્નીન=એક જાતના ઝાડનો રસનો ભૂકો જે તાર ઉપર
ખાર આપવામાં આવે છે.

ઓફિસ (ઇં) કામ કરવાનું ઠેકાણું.

અફવા (આ) ઉડતી ખબર, ગપ.

ખબભગાટ=ગરબડ, ગોંઆટ.

ડાકવાળો=ટપાલવાળો.

રણુકો=અવાજ.

વિચિત્ર (સં) તરેહ તરેહનું.

રાની=જંગલી.

ભવિષ્ય (સં) હોવું, થવું.

વર્તમાન પત્ર (સં) ન્યૂસપેપર.

પસાર=ફેલાવ.

ચોપાનીયું=થોડાં પાનાનું નીયમીત વખતે પ્રગટ થતું પુસ્તક.

સેવા (સં) ચાકરી.

છૂટ=પરવાનગી, સ્વતંત્રતા.

દલીલ (આ) તકરાર, બાનું, સબબ.

સહન (સં) ખમવું, વેઠવું.

તંત્રિ (સં) વ્યવસ્થાપક, એડીટર.

ચુનંદા=હોશિયાર.

બેશક (ફા) ખાત્રીથી.

ગેરહાજર (ફા) હાજર નહિ તે.

સાધન (સં) સાહિત્ય.

ખોટ=તંગી, તાણ, અછત.

કાળ (સં૰ કાલ) ઘણી મુદત.

ખીલવવું=ખીલે તેમ કરવું. પ્રફુલીત કરવું.

પ્રાથમિક=દેશીભાષા સંબંધી, વર્નાક્યુલર.

સંતોષ (સં) નિરાંત, ધરાવું તે.

ધ્યાન (સં) લક્ષ.
ભીડ=અડચણ.
નમુનો (ફા) વાનગી, દાખલો.
સખસ (આ) માણસ
જોગવાઈ=અનુકૂળ વખત.
યોજના (સં) ગોઠવણ, વ્યવસ્થા.
દરજ્જો=પાયરી, હોદ્દો.
પલેહુ=પાસ
શોખ (આ) ઈચ્છા, ચેન.
આગેવાન=ઉપરી.
શિક્ષણ (સં) શિખવવું તે.
પંડ=જાત.
સ્વાર્થ (સં) મતલબ.
સ્થાનિકમંડલ (સં) પોતાના દેશનું અને જાતનું સમાજ. લોકલબોર્ડ.
હિત=ભલું.
લાલચ=લાલસા, લોભ.
બાલ્યાવસ્થા (સં) નાનપણ, બચપણ.
બોજો=ભાર.
ખાનગીસાહસ=જીવને જોખમ થાય એવું જે પોતાનું કામતે.
પરવડવું=પાલવવું.
આજીવિકા (સં) ગૂજરાન.
પદિ=પાયરી.
સરટિફિકેટ=ઇન્તેખાબ, ખાત્રીલાયક પત્ર.
ખાતર=માટે, કાજે, લીધે, વાસ્તે.
ફિકેરવું=ચડાવવું.
બૂજ=કદર, સમજ, પરીક્ષા.

મૂળતત્ત્વ=મૂળપાયો, મૂળ રહી હકીકત છે તે.

સમાપ્તિ (સં) છેડો, આખર.

ક્રિયા (સં) કામ.

દર્શાવવું=દેખાડવું.

માનુષી (સં) મન-બુદ્ધિ સંબંધી.

અદાલત (ફા) કચેરી, કોરટ, ન્યાય મંદિર.

વારસો (આ) મરનાર પાછળની મિલ્કત વારસને મળી હોયતે.

જવાબદારી (ફા) જોખમ, જુમ્મો.

અદ્દશ્ય (સં) દેખાય નહિ તેવું.

જમાનો (ફા) જુગ, ઘણો કાળ.

ઉત્સવ (સં) ઓચ્છવ, આનંદ, ઉમંગ, ખુશાલી.

ચૈતન્ય (સં) જે શક્તિથી જ્ઞાન થાય છે ને કર્મ કરાય છે તે.

અંધકાર=અંધારૂં.

જય (સં) જીત, વિજય.

છાપ=ભાસ, પ્રતિબિંબ.

समाप्त.

અમદાવાદ—મહાદેવ રામચંદ્ર અને મોતીલાલ મ

પેટલાદ—મણિલાલ મુળજીભાઈ

બોખરા—નરોતમ લક્ષ્મીરામ, અને કેશવલાલ છગનલાલ.

ખંભાત—જમનાદાસ નાથાભાઈ અને ઉમેદચંદ મગનલાલ

સુરત—નગીનદાસ ફકીરભાઈ

લીંબડી—અમીચંદ નાગરદાસ

મુંબાઈ—એમ. સી. પંડયાની કુંપની. ભૂલેશ્વર, અનંતવા
ડી નં. ૧૫

ભરૂચ ઠાકોરલાલ ચુનીલાલ, લલુભાઈને ચકલે.

મગોડલાલ ત્રીભોવનદાસ

માટે નીચેને શીરનામે વ્યવહાર ચલાવે

ગાટી. છોટાલાલ મુળજીભાઈ
મેનેજર.
પ્રિન્ટીંગ પ્રેસ—અમદાવાદ